Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૧ • તા. ૧૪ માર્ચ ૨૦૧૬ થી ૨૦ માર્ચ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## જીવનના છેલ્લા શ્વાસ સુધી યુવા તરવરાટ અને વડીલોની પીઢતાથી જ્ઞાતિના સાંસ્કૃતિક - શૈક્ષણિક - વિદ્યાર્થી તેમજ સામાજિક ક્ષેત્રને સમૃધ્ધ કરનારા બહુમુખી પ્રતિભાવંત શ્રી પુનશી દામજી ખોનાને જન્મશતાબ્દીએ માનવંદના



અભ્યાસમાં તેજસ્વી હોવા સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિ, જંગલ ટ્રેકીંગ, સાયકલ પ્રવાસ આદિમાં રુચિ ધરાવતી વ્યક્તિ પોતાના સામાજિક કર્તવ્ય તરીકે સમાજસેવામાં પ્રવૃત્ત થાય એ સમજી શકાય પણ તે ક્ષેત્રમાં પણ પોતાની રુચિના ક્ષેત્રો જેટલા જ મોટા સીમા ચિહ્નો ઊભા કરે તો એ વિશેષ નોંધપાત્ર અને અનુમોદનીય ઘટના ગણાય.

ઇ.સ. ૨૦૧૬ની ૨૦મી એપ્રીલે જેમની જન્મ શતાબ્દીની તિથી આવે છે એવા પુનશી દામજી ખોના (જખૌ-ઘાટકોપર) એવા સપ્તરંગી વ્યક્તિત્વ ધરાવનારા વિરલા હતા. એમની જન્મશતાબ્દીએ એમનો ગુણાનુવાદ કરતા સહજપણે સદાબહાર યૌવન અને સાર્થક નેતૃત્વનો આદર્શ સાકાર થયેલો જણાય.

નાનપણથી જ તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા પુનશીભાઈ પ્રથમ જ્ઞાતિની પાઠશાળા તથા પછી એસપ્લેન્ડ ઈંગ્લીશ સ્કૂલમાં અભ્યાસ કરી વર્ષ ૧૯૩૩માં મેટ્રીક થયા. મુંબઈની સેંટ ઝેવીયર્સ કોલેજમાંથી અર્થશાસ્ત્ર અને અંગ્રેજી સાથે ૧૯૩૮માં બેચલર ઑફ આર્ટસ થયા.
તેઓ અંગ્રેજી ઉપરાંત શોખને ખાતર શીખેલ ફ્રેંચ ભાષા પર પણ સારું પ્રભુત્વ ધરાવતા હતા.

કુટુંબની ગુંદર એક્સપોર્ટ કરતી શા દામજી માવજીની કું.માં ભાગીદાર તરીકે જોડાયા તથા વ્યવસાયમાં સારી કુનેહ દાખવી મુંબઈ ગમ મરચન્ટસ એસોસિએશનના માનદમંત્રી બન્યા.



પુનશીભાઈના બહુમુખ વ્યક્તિત્વમાં સાહિત્ય-કલા-સાહસ અને નેતૃત્વનો સુભગ સંગમ થયો હતો. સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરવા માટે મોટા ભાઈ દેવજીભાઈના પ્રમુખ પદે જાણીતા અભિનેતા ચાંપશી ભારમલ નાગડા, તેમના ભાઈ લક્ષ્મીચંદ ભારમલ નાગડા, કેશવજી વેલજી મોમાયા અને ચાંપશી વેરશી છેડા સાથે ઇ.સ. ૧૯૩૫ની આસપાસ કુમાર સંઘની સ્થાપના થઈ તેના માનદમંત્રી તરીકેની મુખ્ય જવાબદારી પુનશીભાઈએ સ્વીકારી. કુમારસંઘે બસો દ્વારા પ્રથમ વખત જ્ઞાતિજનો માટે બસો દ્વારા મુંબઈના જિનાલયોની ચૈત્યપરિપાટીનું આયોજન કરીને સારી લોકચાહના મેળવી. આ સંઘ ટાયપિંગ, નામા, સંગીત આદિના કલાસોનું પણ સંચાલન કરતો હતો.



આ સંસ્થા આગળ જતા લલીત કળા મંડળ રૂપે વિકસિત થઈ જેણે જ્ઞાતિની દાંડિયા રાસ પ્રવૃત્તિના સંવર્ધન માટે પ્રશંસનીય પ્રયાસ કર્યા. તેણે એ રૂઢીચુસ્ત જમાનામાં સ્થાપિત હિતોનો ખોફ વહોરીને ભજવેલ 'પટેલશાહી' નામનું કટાક્ષમય નાટક એ બાબત જાગૃતિ લાવવામાં સફળ રહ્યું. પટેલોને પણ પોતે કંઈક ખોટું કરી રહ્યાનો અહેસાસ થયો

અનુસંધાન ૮મા પાને





# મુંબઈ માં વારાપીરની પહેડી ની રમઝટ



દીપ પ્રાગટ્ય કરતા લાભાર્થી પરિવાર જયેશ છેડા



વારાપધર વાસીઓને સંબોધતા પ્રમુખશ્રી ભરત વિકમશી



કાર્યક્રમનું સંચાલન કરતા માનદ્‌મંત્રી શ્રી વિનય લોડાયા



વિદ્યાર્થી અભિવાદન-બહુમાનનું સંચાલન કરતા અંકિતા વિકમશી



વિદ્યાર્થી નું બહુમાન કરતા જયેશભાઈ છેડા



તપસ્વી અનુમોદના કરતા મંડળના પ્રમુખ ભરત વિકમશી



કાર્યક્રમને માણતા મહાનુભાવો



કાર્યક્રમને માણતા ગામવાસીઓ



વડીલશ્રી સોમચંદ લાલકાનું બહુમાન કરતા



''વર્ષા'' કાવ્ય બુક નું વિમોચન કરતા



દાતા પરિવારનું બહુમાન કરતા મંડળ પ્રમુખશ્રી ભરત વિકમશી
ઉપપ્રમુખ શ્રી કુસુમકાંત લાલકા



મા. કસ્તુરીબાઈ રાયચંદ લાલકા પરિવાર નું
બહુમાન કરતા ચેતન મોતા, ભરત નાગડા



વારાપધર ગામના સરપંચ શ્રી ક્રિપાલસિંહ જાડેજાનું
બહુમાન કરતા



વારાપધર ગામના ઉપસરપંચ તથા મહાજનના
ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ લોડાયાનું બહુમાન કરતા



મંડળના ભૂતપૂર્વ કાર્યકર્તા શ્રી વિપુલ લાલજી લોડાયાનું
બહુમાન કરતા



માતુશ્રી જયવંતીબેન ગુલાબચંદ ભવાનજી શાહ
(ધુલીયા) પરિવાનું બહુમાન કરતા



મહાજનશ્રી ના ટ્રસ્ટીશ્રીઓ



શ્રી વારાપધર જૈન યુવક મંડળ પદાધિકારી
કારોબારીઓ

॥ શ્રી આદીનાથાય નમઃ ॥

# શ્રી વારાપધર જૈન યુવક મંડળ

**કાર્યાલય :** C/o. બબલ ગમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૨૦૬, નેપચ્યૂન અપટાઉન, ૨જે માળે,
એન. એસ. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોનઃ ૦૨૨ ૨૫૯૩ ૪૫૪૫

## મુંબઈ માં વારાપીરની પહેડી ની રમઝટ થઈ.

શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજનના ઉપક્રમે તથા શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા દર વરસની જેમ આ વર્ષે પણ ગામ ધણી ઓલીયા શ્રી વારાપીરની સતત સાતમી પહેડીનું રવિવાર તા. ૭.૨.૨૦૧૬ ના રોજ શ્રી મહાકવી કાલીદાસ મેરેજ હૉલ, મુલુન્ડ મધ્યે રંગ ચંગે આયોજન કરવામાં આવેલ જેનો લાભ માતુશ્રી તારાબેન નવીનચંદ્ર છેડા (ભાંડુપ) પરિવાર હસ્તે તેમના સુપુત્ર શ્રી જયેશભાઈએ લીધેલ.

બપોરના ૩.૩૦ કલાકે કાર્યક્રમની શુભ શરૂઆત માસ્ટર હિતાર્થ દર્શન લાલકા (વાપી)એ Casio ઉપર નવકાર મહામંત્રની ધુન રજુ કરેલ તેમના માતુશ્રી લીના દર્શન લાલકાએ સાથ આપેલ. ત્યારબાદ મહાજન ટ્રસ્ટીઓ, મંડળ પ્રમુખ, દાતા પરિવારજનો, ગામના શ્રેષ્ઠીવર્યોએ અનંતનાથ દાદા, મહાકાળી માતાજી, નરશીનાથાની છબીને હારારોપણ તથા દીપ પ્રજવલન તેમના કરકમળો દ્વારા કરવામાં આવેલ.

મંડળ દ્વારા આયોજીત ત્રીજા સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત ગામના તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન તથા ગત પર્યુષણ પર્વે દરમ્યાન અઠાઈકે તેથી વધારે તપની આરાધના કરનાર તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન કુ. અંકીતા ભરત વીકમશીએ સુંદર શૈલીમાં કરેલ.

ત્યારબાદ મંડળના માનદ્મંત્રી વિનય લોડાયાએ પધારેલ સહુને આવકાર્યા હતા. મંડળના પ્રમુખશ્રી ભરત વિકમશીએ પોતાના પ્રાસંગીક વ્યકતવ્ય માં મંડળ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી થઈ રહેલા સુકાર્યોનો સંક્ષીપ્ત અહેવાલ આપેલ તથા હજુએ વધારે ને વધારે ગામવાસીઓ મળીને વધારે સત્કાર્યો થઈ શકે તેવી આશા વ્યક્ત કરેલ.

ઉત્તમ છેડા તથા સાથી કલાકારોએ ભક્તિ સંગીતની એવી રમઝટ બોલાવેલ ને વાતાવરણ ભક્તિમય બની ગયેલ. ઠસોઠસ ભરાયેલ હૉલ માં ૭૦૦ થી વધારે ગામવાસીઓ, નિયાણી બહેનો, તથા આમંત્રિત મહેમાનોએ ભક્તિ-સંગીત દર્શન, પહેડી પ્રસાદ નો લાભ લીધેલ. તેમાં પણ પીરના દર્શન માટે સહુએ દાખવેલ ધીરજ કાબીલેતારીફ હતી.

કાર્યક્રમ દરમ્યાન વડીલ શ્રી સોમચંદ ભાણજી લાલકા (અમલનેર) તા. ૧/૨/૨૦૧૬ ના રોજ ૮૭ વર્ષ માં પ્રવેશ કરેલ તો સર્વ ગામવાસીઓ સમક્ષ કેક કાપીને જન્મદીન ની ઉજવણી કરવામાં આવેલ તે પ્રસંગને સોના માં સુગંધ ભળે તેમ વડીલશ્રી સોમચંદ ભાઈ તરફથી શ્રી વારાપધર મહાજનને નુતન વ્યાખ્યાન હૉલ માટે સારી એવી રકમનું અનુદાન આપવાની જાહેરાત કરી. મહાજનના ટ્રસ્ટીગણ તથા મંડળના પદાધીકારીઓ દ્વારા વડીલશ્રી નું બહુમાન કરવામાં આવેલ.

સાંજે ૫.૪૫ ના ટકોરે દાતા પરિવારજનો દ્વારા વાજતે ગાજતે પીરને પહેડી જુહારવામાં આવેલ. હાજર રહેલ સૌ ભાવિકો ભાવ વિભોર થઈ વારાપીરના નામની ગુંજથી વાતાવરણ રણકી ઉઠ્યું જાણે વારાપીરનો સાક્ષાત્કાર થયો હોય તેવી પ્રતીતી થવા લાગી અને એના જ પ્રતાપે વર્ષ ૨૦૨૨ ની પહેડીનો

લાભ માતુશ્રી વિમલાબેન શીવજી ટોકરશી લોડાયા પરિવાર તથા વર્ષ ૨૦૨૩ ની પહેડીનો લાભ માતુશ્રી ઈન્દુમતી હીરાચંદ છેડા પરિવારે લીધેલ તેની જાહેરાત કરવામાં આવેલ.

પહેડીના લાભાર્થી પરિવારના શ્રી જયેશભાઈ ના ધર્મપત્ની સ્વ. અ. સૌ. વર્ષાબેન કે જેઓ શિક્ષીકા સાથે સાથે કવિ પણ હતા. તેમના જીવનકાળ દરમ્યાન તેમના દ્વારા લખેલ કવિતાઓનો સંગ્રહ ''**વર્ષા**''નું દાતા પરિવાર, આમંત્રિત મહેમાનો, મહાજનના ટ્રસ્ટીઓ, મંડળના પ્રમુખ - ઉપપ્રમુખની હાજરીમાં વિમોચન કરવામાં આવેલ. ત્યારબાદ મહાજનના ટ્રસ્ટી શ્રી ચેતન મોતા એ સર્વે હાજર રહેલ ગામવાસીઓ સમક્ષ વારાપધર મહાજન તથા મંડળના સહીયારા સમન્વય શ્રી પ્રકાશીત થનાર ગામનું વાર્ષિક સામાયીક ''**વન્ડરફુલ વારાપધર**'' ના પ્રવેશાંક ના મુખ પૃષ્ઠનું અનાવરણ કરવામાં આવેલ. હાજર રહેલ સર્વે ભાવિકોએ તાળીઓના ગડગડાટથી મહાજન - મંડળના આ પ્રયાસને વધાવી લીધેલ.

દાતા પરિવારના જયેશભાઈ તરફથી તેમના લગ્નજીવનની રજત જયંતી વર્ષની ઉજવણી ગામવાસીઓ સાથે કરવાના ભાવ સાથે આ પહેડીનો લાભ લીધેલ તેના ભાગરૂપે **સર્વે ગામવાસીઓને ચુલા દીઠ રૂા. ૧૦૦૦ ની ચાંદીની નોટ ની પ્રભાવના કરવામાં આવેલ તથા ''વર્ષા'' કાવ્ય સંગ્રહ પણ આપવામાં આવેલ.**

મંડળના પ્રમુખ ભરત વિકમશી તથા ઉપપ્રમુખ કુસુમકાંત લાલકા દ્વારા દાતા પરિવાર નું બહુમાન કરવામાં આવેલ તથા મંડળ દ્વારા કાર્યરત શૈક્ષણિક, મેડીકલ સહાય યોજના અંતર્ગત જોડાયેલા નવા કાયમી દાતા પરિવાર માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ લાલકા (બોરીવલી), માતુશ્રી જયવંતીબેન ગુલાબચંદ શાહ (લોડાયા) - (ધુલીયા) તેમજ શ્રી કીરીટ મણીલાલ વીકમશી (સોલાપુર) નું પણ બહુમાન કરવામાં આવેલ. મંડળના આમંત્રણને માન આપી પહેડી માટે ખાસ સેંધવા, ચાલીસગામ, વાપી, ગાંધીધામ, ભુજ, વારાપધર, આદિ સ્થળોથી ગામવાસીઓ પધાર્યા હતા તથા મહાજનના ટ્રસ્ટીઓ પણ ખાસ પધાર્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવા માટે મંડળના સર્વે કાર્યકર્તાઓએ સારી જહેમત કરેલ.

કાર્યક્રમ દરમ્યાન જાણતા અજાણતા કોઈ અગવડ થઈ હોય તો તે બદલ મિચ્છામી દુક્કડમ.

લી.

| | | |
|---|---|---|
| **ભૂપેન્દ્ર લોડાયા** | **વિનય લોડાયા** | **નિતેશ લોડાયા** |
| (સહમાનદ્ મંત્રી-કચ્છ) | (માનદ્ મંત્રી) | (સહમાનદ્ મંત્રી) |

## અનુમોદના

### શ્રી વારાપધર જૈન યુવક મંડળ

દ્વારા કાર્યરત શૈક્ષણિક તેમજ વૈદ્યકીય સહાય યોજનામાં **કાયમી દાતા** તરીકે જોડાવા બદલ....

**શ્રી કિરીટ મણીલાલ વિકમશી** (સોલાપુર) તથા **માતુશ્રી નવલબેન આણંદજી લાલકા** (સેંધવા)

તથા ગામ ધણી ઓલીયા **શ્રી વારાપીરની સમુહ પહેડી** નો બહુમુલ્ય લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર

**માતુશ્રી વિમલાબાઈ શીવજી લોડાયા** - વર્ષ ૨૦૨૨

**માતુશ્રી ઈન્દુમતી હીરાચંદ છેડા** - વર્ષ ૨૦૨૩

*ઉપરોક્ત સર્વે પરિવારજનોની ભુરી ભુરી અનુમોદના...*

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 11/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કચ્છી દશા ઓસવાળોની ખાનગી લાયબ્રેરીઓ

લેખક – **ખીમજી હીરજી છેડા**

**તંત્રીનોંધ :** કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ ભારતમાં આધુનિક શિક્ષણની શરૂઆત થઈ ત્યારથી શિક્ષણનું મહત્વ સમજનારી જ્ઞાતિ છે એટલે ઘરમાં પુસ્તકો વસાવવાનો શોખ ઘણાને હશે પણ જ્ઞાતિના કેટલાક વિરલાઓએ વીસમી સદીના પ્રારંભ કાળ સુધીમાં કેવી સમૃધ્ધ લાયબ્રેરીઓ બનાવેલ તેની, પ્રકાશના ડિસેમ્બર ૧૯૪૩ના અંકમાં છપાયેલી ખીમજી હીરજી છેડાના લેખની વિગતોથી તો ચકિત થઈ જવાય તો નવાઈ નહીં.

આ ઉપરાંત પોતે વાંચન રસિક હોય અને લોકોને સારું વાંચન ઉપલબ્ધ થાય એ માટે લાયબ્રેરી ચલાવનારા કે પોતાના પુસ્તક સંગ્રહમાંથી આગ્રહપૂર્વક અન્યોને પુસ્તક આપનારા ઘણા વિરલાઓ કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિમાં પાક્યા છે. તેમાંથી લોકોને સારું વાંચન પુરું પાડવા માટે લાયબ્રેરી ચલાવનારા બે વિરલાને તો યાદ કરવા જ પડે.

માણેકજી કુંવરજી દંડા સેવક ભરૂડિયા, અનંત નિવાસ ત્રિજે માળે રહેતા અને ત્યાં લાયબ્રેરી ચલાવવા એમણે ૩૦૦૦થી વધુ પુસ્તકો વસાવેલા તથા મુંબઈ સમાચારમાં આવતી ચિત્રકથા કાપી તેમની પુસ્તિકા બનાવીને રાખતા જે બાળકોમાં બહુપ્રિય હતી.

પાછળથી અનેક સુકૃતો કરનારા સુશ્રાવક-દાનશુર રાયચંદ હંસરાજ ધરમશીએ લોકો સારુ વાંચી સંસ્કાર પામે તે માટે ૧૦૦૦થી વધુ પુસ્તકો વસાવેલા. તેમણે ૧૯૬૧ દાયકાના ઘણા વર્ષો લોકો સુધી સારું વાચન પહોંચડવા પોતાનો સઘળો ફાજલ સમય ફાળવેલો. એક બેગમાં ચુનંદા પુસ્તકો અને પુસ્તકોની યાદી સાથે ઘરે ઘરે ફરી લોકોનો એમને જે યોગ્ય લાગે તે સહયોગ રકમ લઈ કે ફ્રી પુસ્તકો વાંચવા આપવા.

કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિની ખાનગી લાયબ્રેરીનો વિચાર કરીશું તો શેઠ ત્રીકમજી વેલજી માલુની લાયબ્રેરી કોઈ સંસ્થાને ભેટ અપાઈ ગઈ. જેમ શેઠ હીરજી ઘેલાભાઈની ખાનગી લાયબ્રેરી પાલીતાણા ખાતે વીરબાઈ જૈન પાઠશાળાને ભેટ અપાઈ ગઈ તેમ શ્રી કાનજી માસ્તરની ખાનગી લાયબ્રેરી પોતાના પિતાશ્રીના સ્મરણાર્થ શ્રી કચ્છ નલીયા બાલાશ્રમને ભેટ અપાઈ ગઈ. જેમ શ્રી ગોવિંદજી હરશીની ખાનગી લાયબ્રેરી મુંબઈ ગીરગામ ચંદ્રપ્રભુના દેરાસરને ભેટ અપાઈ ગઈ તેમ શ્રી શીવજી દેવશીની ખાનગી લાયબ્રેરી મઢડા ખાતે હોવી જોઈએ. પૂર્વે શેઠ હીરજી હંસરાજ, પાસુ પરબત, વાલજી હીરજી, કુંવરજી મુરજી, ઘેલાભાઈ લીલાધર આદિ અનેક ખાનગી લાયબ્રેરીઓ હતી. પણ વર્તમાન કાળે વિખરાઈ ગઈ છે. છતાં પણ વર્તમાને આપણી જ્ઞાતિના થોડાક ગૃહસ્થો પાસે ખાનગી લાયબ્રેરીઓ છે.

શ્રી વર્ધમાન રામજી હંસાણીની ખાનગી લાયબ્રેરીમાં સાહિત્યનો ખજાનો હોવાથી વાંચકોને તેનો પ્રથમ પરિચય આપશું, કારણ કે વર્ધમાન રામજીની ખાનગી લાયબ્રેરીમાં સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી આદિ ભિન્ન ભિન્ન સાહિત્યનાં ગ્રંથોની પણ વિશેષ વિશિષ્ઠતા છે. તેમ મુદ્રણનાં ગ્રંથોની પણ અમુંક કોપીઓ સચિત્ર છે. થોડા દહાડા ઉપર શંગારતિલકની સચિત્ર હસ્ત લિખિત ગ્રંથોની પણ વિશેષ, વિશિષ્ઠતા છે. જેમ મુદ્રણનાં ગ્રંથોની કોપીઓ સચિત્ર છે તેમ હસ્તલિખિત ગ્રંથોની પણ અમુંક કોપીઓ સચિત્ર છે. થોડા દહાડા ઉપર શૃંગારતિલકની સચિત્ર હસ્ત લિખિત કોપી એક અમેરિકને રૂપીયા સોળ હજારમાં ખરીદેલી. તેવું જ શૃંગાર તિલક સચિત્ર આ સંગ્રહાલયમાં જોવામાં આવે છે.

જૈન સાહિત્યને કેટલા ચિવટ અને હોંસથી સંગ્રહવામાં આવ્યું છે તેનો થોડો પરિચય આપશું, જેથી વાચકોને માલુમ પડશે કે હજુ પણ એવી ખાનગી લાયબ્રેરીઓ આપણી કોમમાં હસ્તિ ધરાવે છે, એ ખરેખર મગરૂર થવા જેવું છે.

એ ખાનગી લાયબ્રેરીમાં આપણું જૈન સાહિત્ય તેમાં પણ અચલગચ્છની અનેક કૃતિઓ છે. મેરૂતુગસ્થવિરાવલી આદિ ઐતિહાસિક ગ્રંથો છે. કચ્છનું સાહિત્ય ખોચોખીચ ભરેલું છે. કચ્છ નૃપતિઓ પ્રત્યે જૈનાચાર્યો અને યતિઓએ જે સેવા બજાવી છે અને ચમત્કારો બતાવ્યા છે તે ખરેખર ચમત્કારને નમસ્કાર છે.

સત્તરમાં શતકમાં થયેલા કચ્છના રાવશ્રી ભોજરાજજી કે જે વિદ્યાવિલાસી હતા તેમનાં નામથી જૈનાચાર્ય વ્યાકરણનો ગ્રંથ બનાવ્યો છે. તેની હસ્ત લિખીત કૉપી આ સંગ્રહાલયમાં મોજુદ છે, કે જે 'ભોજવ્યાકરણ'ના નામથી સુપ્રસિદ્ધ છે. તેનાં જેવા કાવ્યબદ્ધ ગ્રંથ વ્યાકરણ વિષય વિરલ હશે.

શ્રી વર્ધમાન હંસાણીની ખાનગી લાયબ્રેરીમાં સૂત્રસિદ્ધાંતના ગ્રંથો છે તેમ કર્મ, ફિલોસોફી આદિ દ્રવ્યાનુયોગ ગ્રંથોનો પણ સારો સંગ્રહ છે. જેમ અનેક પુસ્તકોનો સંગ્રહ છે તેમ દ્વાત્રિશિકાઓ, ચતુર્વિંશિતિકાઓ, સ્તોત્રો, સ્તુતિઓ, તીર્થંકરાદિ ચારિત્રો, વ્યાકરણ આદિ ન્યાયાદિ ગ્રંથોની પણ સારી સંખ્યા છે. જૈન મેઘદૂતની કૃતિઓ,જૈન યમકાદિ વિચિત્ર ગ્રંથો ખાસ ધ્યાન ખેંચે છે. મહાકાવ્ય તથા ગદ્ય પદ્યાત્મક વિષયના ગ્રંથોની પણ સારી સંખ્યા છે. જેમ સમય સુંદરની અષ્ટલક્ષી વિદ્વાનોનું ધ્યાન ખેંચે છે તેમ ''નમોઅરિહંત તાણ''ના ૧૧૦ એકસો દશ અર્થનો ગ્રંથ કે જે અલભ્ય અને દુર્લભ છે. તેથી ખરેખર એવો સંગ્રહ ભંડાર વિદ્વાનોનુ વિનોદનું સ્થાન ગણાય. તે સિવાય યંત્ર, મંત્રાદિ નિમિત્ત, જ્યોતિષ આદિ ભવિષ્ય બતાવનારા ગ્રંથો પણ છે.

જેમ ઉપર લખ્યા મુજબ જૈન સાહિત્યનાં સંસ્કૃત પ્રાકૃતનાં ગ્રંથો છે, તેમ ગુજરાતી રાસ રાસડાઓ પણ સારી સંખ્યામાં છે.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


આપણા જૈનોના વિવિધ ક્રિયાકાંડો, ઉપધાનાદિ અનેક તપોના ગ્રંથો, પુજાઓ, સ્તવનો, ઐતિહાસિક નોવેલો આદિનું તેમજ અંકમાં માસિક, ત્રિમાસિકોની ફાઈલો તથા દિવાળીના વિશેષ અંકોનો સારો એવો સંગ્રહ છે.

જેમ ઉપર જૈન સાહિત્યનું વર્ણન કર્યું તેમ જૈનેતર પણ અનેક સંસ્કૃત મહાકાવ્ય ગદ્યપદ્યાત્મક ગ્રંથો હોવા ઉપરાંત કલા, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, કાયદાકાનુન, નીતિશાસ્ત્ર, ભૂગોળ, ખગોળ, પ્રવાસ આદિના ગ્રંથો તો ખાસ જોવા જેવા છે; કારણ કે વર્ધમાન રામજીને જેમ સાહિત્યનો શોખ છે તેમ પ્રવાસનો પણ મોટામાં મોટો શોખ છે. હિંદુસ્તાનનો કોઈ ખૂણો એવો નહીં હોય કે જ્યાં વર્ધમાન રામજીનો પ્રવેશ નહિ થયો હોય અર્થાત કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કરાચી વચ્ચે હિંદુસ્તાનનાં દરેક મોટા શહેરમાં ફર્યા છે જેથી પ્રવાસનો મોટો સંગ્રહ હોય એમાં નવાઈ નથી. એટલુંજ નહિ પણ રાજકીય, વ્યાપારી તથા વૈદ્યક વિદ્યાના ગ્રંથોનો સારામાં સારો સંગ્રહ છે.

શ્રી વર્ધમાન રામજીની ખાનગી લાયબ્રેરીમાં હિન્દી સાહિત્યના ગ્રંથો જોઈશું. તો કાશીનાગરિણી સભાના પુસ્તકો સિવાય ઉત્તરખંડના યોગી મહાત્માઓનાં ખટચક્ર નિરૂપણ આદિ સચિત્ર ગ્રંથો છે, કે જે અલભ્ય અને દૂર્લભ છે. આપણાં ગુજરાતી સાહિત્યમાં આ પુસ્તકોના અવતરણજ મળતા નથી. એટલુંજ નહિ પણ ચીના મુસાફરો સંગયુન અને ફાઈયાન, જે ચૌદસો વરસ પર મુસાફરી કરવા હિન્દુસ્તાનમાં આવેલા તેની ગુજરાતીમાં અવતરણ, આ લેખકનો જોવામાં ન આવ્યા હોય, એવા અપુર્વ હિન્દી ગ્રંથોનો સંગ્રહ છે.

મરાઠી સાહિત્ય પ્રત્યે નજર નાખશું તો અમુલ્ય અને અપુર્વ ગ્રંથોનો સંગ્રહ નિહાળીશું. દક્ષિણ પ્રદેશના ઈતિહાસ ઉપરાંત દિવ્ય નગરોના વર્ણનો, તેના ઈતિહાસોના સચિત્ર ગ્રંથો કે જેમાં હેમકુટના વર્ણનો વિગેરે ખાસ જોવા જેવા છે.

અંગ્રેજી સાહિત્યમાં જોઈશું તો ટાઈમ્સ ઓફ ઈન્ડીઆની પરલીની ફાઈલો તથા વ્યાપારી ડાયરકટરીઓ, કેટલોગો, ગેઝીટીયરો અને આરક્રિયોલોજીકલનાં ગ્રંથો ખાસ જોવા જેવા છે. એટલુંજ નહિ પણ 'રેમ્બલશ રેકોલેશન એન ઈન્ડીઅન ઓફીસર'(Rembles recoletion an Indian Officer) સચિત્ર કે જે આજથી સો વરસ પર પ્રીન્ટેડ થયેલ છે કે. જેની કોપી આજે મળવી પણ દુર્લભ છે તેના વોલ્યુમો પણ આ સંગ્રહાલયમાં છે.

મુંબઈમાં બોર્ડિંગ અને પાઠશાળા હસ્તક પણ નાની લાયબ્રેરીઓ છે કે જેમાં સારા જેવા પુસ્તકોનો સંગ્રહ છે. જ્ઞાતિમાં સૌથી વધુ મહત્વની કિંમતી લાયબ્રેરી શ્રી અનંતનાથજી દેરાસરમાં છે. જે જ્ઞાનભંડાર તરીકે ઓળખાય છે. કહેવાય છે કે હિંદના સમસ્ત જૈનોના બહુ મુલ્યવાન અને જુના પુસ્તક ભંડારો ગણાય છે તેમાં શ્રી અનંતનાથજી દેરાસરના પુસ્તક ભંડારનો સમાવેશ છે અને તેની ગણત્રી જૈનોના અતિ અગત્યના સાત પુસ્તક ભંડારોમાં ના એકની છે. આ ભંડારમાં પ્રાકૃત, માગ્ધી અને સંસ્કૃત ભાષાના અતિ પ્રાચિન પુસ્તકોનો સંગ્રહ છે આ વિષે ઘણા જ્ઞાતિભાઈઓ અજાણ છે. ધાર્મિક વિષયમાં શોધખોળ કરનારા તથા તે વિષે રસ ધરાવનારા જ્ઞાતિભાઈઓ આ વિષે અજ્ઞાન હોય એ સ્વાભાવિક છે. કેમકે અનંતનાથજી ટ્રસ્ટ તરફથી તે વિષે કઈપણ માહીતિ લોકોને મળે તેવી કશી ગોઠવણ કે જાહેરાત નથી.

# સ્તન કેન્સર બાબતે જાગરૂકતા માટે

# નિ:શુલ્ક વિશેષ કેમ્પ

સમસ્ત કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની બહેનો, દિકરીઓ આ કેમ્પનો લાભ લઇ શકશે.

સમય સર નિદાન - સુયોગ્ય નિવારણ




ઘણીવાર એવું બને છે કે કેન્સર થયાની કે હોવાની જાણ એવા સમયે થાય છે કે જ્યારે (૩ જા કે ૪ થા સ્તરે) એની સારવાર દર્દીનો જીવ બચાવી શકાય એ રીતે શક્ય નથી હોતી... પરંતુ જો સમયસર નિદાન થાય તો યોગ્ય સારવાર દ્વારા વ્યક્તિને કેન્સર મુક્ત કરી શકાય છે.

એ દિશામાં પ્રયાસ કરીને આપણા સમાજની મહિલાઓમાં જાગૃતિ જગાડવાના ઉદ્દેશ્યથી સ્તન કેન્સર જાગૃતિ અભિયાન તથા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્સર વિશેષજ્ઞ તબીબ દ્વારા નિ:શુલ્ક તપાસણી, નિદાન અને નિવારણ બાબતે માર્ગદર્શન. જો ડોક્ટર દ્વારા ભલામણ થાય તો મેમોગ્રાફી ટેસ્ટ પણ કરાવી આપવામાં આવશે.

આ માટે મુંબઇના સુવિખ્યાત કેન્સર નિષ્ણાત

**ડૉ. શ્રી બોમન ધાબર**

CARE COMPASSION & CONCERN
B.N.D. Onco Centre
Specialised centre for oncology treatment

વિગતવાર માહિતી તથા જરૂરી માર્ગદર્શન આપશે.

**એન. કે ધાબર કેન્સર ફાઉન્ડેશન**

N K DHABHAR CANCER FOUNDATION

**રવિવાર**

તા. ૨૭.૦૩.૨૦૧૬

**સમય :**

સવારે ૯:૦૦ થી ૪:૦૦ સુધી

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST & SHREE K.D.O. JAIN GNATI MAHAJAN, MUMBAI

**સ્થળ :**

**શેઠશ્રી નરશી નાથા સભાગૃહ,**
૧ લે માળે, અનંત સિધ્ધિ,
એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૭૮.

:: સંયોજક ::

## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

**નામ નોંધાવવા માટે સંપર્ક**

| મનિષા લાલકા | શીતલ નાગડા | જલ્પા લોડાયા | જાસ્મીન ધુલ્લા | જાસ્મીન સાયલા |
|---|---|---|---|---|
| ૯૮૨૦૫૪૫૭૩૪ | ૯૦૦૪૨૮૮૧૬૮ | ૯૮૬૭૬૧૫૯૧૩ | ૯૬૧૯૦૭૪૯૯૬ | ૮૪૫૨૮૨૧૪૨૫ |
| (મુલુંડ) | (મુલુંડ) | (વાશી-નવી મુંબઇ) | (થાણા) | (ડોંબિવલી) |

| મુંબઇ મહાજન કાર્યાલય : યોગેશ ફુરૂવા | નીલીમા જીવાણી |
|---|---|
| ૨૩૪૪૮૨૭૪ (મસ્જીદ બંદર) | ૮૦૮૦૮૪૭૯૭૮ (ઘાટકોપર) |

**વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૧૨૫ નામો લેવામાં આવશે.**

## બહુમુખી પ્રતિભાવંત શ્રી પુનશી દામજી ખોનાને જન્મશતાબ્દીએ માનવંદના પાના ૧ થી ચાલુ

તે જમાનાના કન્યાવિક્રય તથા પ્રોઢોના નાની વયની કન્યા સાથેના લગ્નોના કરિપાજને દૂર કરવાની ઝૂંબેશમાં તેમણે જોશભેર ભાગ લીધો.

૧૯૩૬માં મુંબઈથી ખંડાલાનો ઘાટ વટાવી રોડમાગે લોનાવલા જવું બહુ કઠીન ગણાતું. પુનશીભાઈને પોતાના સાહસી મિત્રો સાથે એ જમાનામાં ત્યાંનો સાયકલ પ્રવાસ કર્યો. એમના સાહસી મિત્રોનું એવું જ બીજું સાહસ એટલે ખંડલાથી ખીણમાં ઉતરી જંગલ ટ્રેકીંગ દ્વારા રાજમાચી કિલ્લાની યાત્રા.

પ્રથમ જ્ઞાતિ સંમેલનની ફલશ્રુતિ રૂપે સ્થપાયેલ જ્ઞાતિમાં શિક્ષણ પ્રસાર માટે વિદ્યાર્થીઓને લોન પુનશીભાઈઓ શિષ્યવૃત્તિ આપતી શિક્ષણ પ્રસારક સમિતિના સભ્ય તરીકે સારી કામગીરી કરી તે પહેલાં પણ મિત્રો સાથે મળી જરૂરતમંદ વિદ્યાર્થીઓ માટે ફંડ ઊભું કરેલ.

પ્રકાશ સમીક્ષાના પૂર્વરૂપ 'પ્રકાશ' સાથે લાંબો વખત સંકળાયેલા રહ્યા. 'પ્રકાશ સમીક્ષા' સાથે જોડાયું તે વખતે તેઓ તંત્રીપદની જવાબદારી સંભાળતા હતા. પ્રકાશ અને સમીક્ષાને સાથે લાવવામાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો.

તેમણે શ્રી ક.દ.ઓ. જૈન પાઠશાળાના તથા શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી ક.દ.ઓ. જૈન વિદ્યાલય તેમજ ક.દ.ઓ. જૈન બોર્ડિંગના મંત્રી તરીકે તેના સંચાલન માટે ત્રણ દાયકા સુધી સેવા આપી.

કોમી હુલ્લડમાં બળેલી મહાજન વાડીના રીપેરીંગ માટે વિધાનસભા લીલાધર પાસુ દ્વારા પરવાનગી મેળવી તેમણે ત્યાં પાઠશાળા ફરીથી ચાલુ કરાવી.

પુનશીભાઈએ વેરશી માડણ મૈશેરી સાથે મળીને ૧૯૫૪માં આ સંસ્થાઓની સુવર્ણજયંતીની ઉજવણી માટે જે વિશેષ આયોજન કર્યુ તે સમસ્ત જ્ઞાતિ સ્તરીય વિશેષ પ્રસંગ બની રહ્યું. આ ઉજવણીથી પ્રભાવિત થઈ શ્રી વીરજી લધાભાઈએ જે માતબર દાન જાહેર કર્યુ તેમાંથી માતુશ્રી લક્ષ્મીબાઈ વીરજી લધાબાઈ કન્યા છાત્રાલયની સ્થાપના થઈ.

પાકિસ્તાનથી આવેલા સિંધીઓ તેમને ઉલ્હાસ નગરમાં જગ્યા ફાળવવામાં આવી હોવા છતાં આપણી જ્ઞાતિની ટનટનપુરા (મસ્જિદ બંદર) સ્થિત મહાજન વાડીનો કબજો છોડવા તૈયાર નહોતા. તેમને સમજવી... થોડું દબાણ લાવી મહાજન વાડી જ્ઞાતિના ધાર્મિક - સામાજિક ઉપયોગ માટે ફરીથી મેળવવામાં પુનશીભાઈનો સિંહ ફાળો હતો.

પુનશીભાઈએ બોર્ડિંગના માનદમંત્રી તરીકે લાંબો સમય સેવા આપી. તેમની સમજદારી પૂર્વકની પહેલથી જમણની ક્વોલીટી સંબંધી લાંબા સમયની ફરિયાદ દૂર થઈ.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે એક દાયકા સુધી સેવા આપી. અનંત છાયાના ૬૪ ફલટોની ફાળવણીના વિવાદ વખતે નામદાર કોર્ટે જે ત્રણ ટ્રસ્ટીઓને વહીવટ સોંપેલ તેમાંના એક ટ્રસ્ટી તરીકે પુનશીભાઈ દક્ષતાથી કાર્યભાર સંભાળ્યો.

પુનશીભાઈ શ્રી કચ્છી દશા ઓસવાલ મુંબઈ મહાજનના


|| શ્રી મોમાઈ માતાય નમઃ ||

## શ્રી મોમાઈ માતાજીના જુના સ્થાનનો જીર્ણોધ્ધાર

**શ્રી જખૌ ગામમાં નીમવાળા ફળીયામાં બિરાજમાન મોમાયા નુખના કુળદેવી શ્રી મોમાઈ મા ને નમતા સર્વ ભાવિકોને જણાવતા આનંદ થાય છે કે આપણા કુળદેવી શ્રી મોમાઈ માની અસીમ કૃપાથી માતાજીના લગભગ બસો વર્ષ જુના સ્થાનનો જીર્ણોધ્ધાર કરવાનું ચાલુ થયેલ છે.**

**દરેક ભાવિકોએ યશાશક્તિ સ્વઈચ્છા પ્રમાણે પોતાના ફાળો નીચે જણાવેલ બેંક ખાતામાં જમા કરવાની વ્યવસ્થા કરેલ છે.**

**ખાતાની વિગત : Jayesh Vijay Momaya Dena Bank, Kothara Branch**
S/B A/C No. 032610003308, IFSC Code : BKDN0330326

**નોંધ : રૂપીયા ૫૦૦૦/- તથા તેથી વધુ રકમ આપનાર ભાવિકનું નામ સ્થાનકના અંદરના રૂમમાં તક્તિ ઉપર ક્રમ પ્રમાણે લગાડવામાં આવશે.**

**સંપર્ક : 09820132196**

**આપ સહુ ભાવિકોના સાથ સહકાર બદલ આભાર.**
**આગામી પુનઃ પ્રતિષ્ઠાના પ્રોગ્રામની જાણ સહુને કરવામાં આવશે.**

**લી. વ્યવસ્થાપક સમિતિ**

વ્યવસ્થાપક સમિતિમાં યુવાન વયથી સક્રિય હતા. ૧૯૬૫ની આસપાસ ઉપપ્રમુખ બન્યા અને પછી લાંબો વખત પ્રમુખપદે રહ્યા. તે વખતે મહાજન સામે થયેલા કેસોના કુનેહપૂર્વક સમાધાની ભર્યા નિકાલ લાવી જ્ઞાતિ  એકતાને અકબંધ રાખવામાં સફળતા મેળવી.

મધ્યમવર્ગીય પરિવારોને લગ્ન પ્રસંગે સરળતા રહે તે માટે સમૂહ લગ્ન પ્રવૃતિ શરૂ કરાવવામાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

ઈ.સ. ૧૯૭૯માં દક્ષિણ ભારતના આગેવાનો અને મહોજનનોની પહેલથી હુબલીમાં દ્વિતીય જ્ઞાતિ સંમેલન ભરવાનો જે પ્રસ્તાવ આવ્યો તેને સ્વીકારવા અંગે મુંબઈના આગેવાનોમાં મતભેદ હતો. આ અહમ્ને બાજુએ મૂકી આગેવાનોનો જ્ઞાતિહિતમાં અન્ય મહોજનોને અગ્રભાગ લેવાની તક આપવા માટે સમજાવવા પુનશીભાઈએ પોતેની જે કુનેહ દર્શાવી તેણે તેમને સમસ્ત જ્ઞાતિ, ખાસ કરીને દેશાવરના જ્ઞાતિજનોના માનીતા બનાવ્યા.

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-જખૌના માનદ મંત્રી તરીકે તેના વહીવટને સરળતાથી ચલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. શ્રી જખા જિનાલયની જન્મશતાબ્દી ઉજવવા માટેની સમિતિના માનદમંત્રી તરીકે પ્રસંગને અવિસ્મરણીય બનાવવામાં તેમનો મહત્વનો ફાળો હતો. આ ઉજવણી નિમિત્તે જખોમાં અતિથીગૃહ અને ભોજનાલયની જે કાયમી સેવા શરૂ થય તેમા પુનશીભાઈનું સારું યોગદાન રહ્યું.

ગાંધીજીના પ્રભાવમાં આજીવન ખાદી પહેરી પણ આમ વિચારોમાં પાકા રાષ્ટ્રવાદી હોવાથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે સંકળાયા અને આર.એસ.એસ.ની ઉમરખાડી વિસ્તારની શાખાના પદાધિકારી તરીકે ય સેવા આપી. રાષ્ટ્રની પ્રથમ બે ચૂંટણી યોજાઈ ત્યારે ઉમરખાડી મસ્જિદ બંદર વિસ્તારના અગ્રણી કાર્યકર્તા તરીકે ઘણા ઉમેદવારોએ તેઓ પોતાના પોલીંગ એજન્ટ થાય એમ ઈચ્છયું પણ તેમણે શાસકપક્ષના દબાણને પણ વશ થયા વગર પોતે જેને સાચા અને સારા ઉમેદવાર માનતા હતા તેમને જ સાથ આપ્યો.

કુટુંબ વત્સલ પુનશીભાઈએ માતા રાણાબાઈ અને પિતા દામજી ખોનાના સંસ્કારો દીપાવ્યા. કુંવરજી કુરપાર મોતાની દીકરી ઝવેરબેનના આદર્શ જીવનસાથી હતા. પુત્ર તારાચંદ અને પુત્રી માલતી શાંતિલાલ લાલકાના ઉચ્ચ સંસ્કાર-કેળવણી આપનાર પિતા ઉપરાંત ફ્રેંડ - ફિલોસોફર - ગાઈડ બની રહ્યા.

મૃદુભાષી પુનશીભાઈ ચોકકસ આદર્શોને વરેલા હોવા સાથે વ્યવહારદક્ષ હતા. સામી વ્યક્તિના મંતવ્યને માન આપી જણ તેથી જ જાહેર જીવનની અનેક કસોટીમાંથી પાર ઉતરી સર્વમાન્ય નેતૃત્વનો આદર્શ જ્ઞાતિ સમક્ષ મૂકી શક્યા.

ધર્મપ્રિય સ્વભાવના પુનશીભાઈ ૨૧મી એપ્રિલ ૧૯૯૪ના ૭૮ વર્ષની વયે દેહાંત પામ્યા ત્યાંસુધી સત્કર્મોનું  પુણ્યભાથું બાંધતા રહ્યા.

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ પાસે આદર્શ નેતૃત્વનું દૃષ્ટાંત પ્રસ્તુત કરનારા અનેક વિરલા છે, તેમની વચ્ચે સ્વકૌશલ્યથી માનભર્યું સ્થાન પ્રાપ્ત કરનારા પુનશીભાઈ દામજી ખોનાને તા. ૨૦/૩/૧૬ના આવતી જન્મ શતાબ્દી નિમિત્તે માનવંદના.




સમય: રવિવાર, ૧૦.૦૪.૨૦૧૬
સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી
સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ
એલ.બી.એસ.રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.
Join Us on f @ KDO SAGPAN SAMMELAN - PARICHAY MILAN 2016

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી વાછરાદાદાને નમઃ ।।

# કાળોતરા ગામે અને ખીસરા ગામે વાછરા દાદાના નવનિર્મિત મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા



















**કાળોતરા ગામે** તા. ૨૨/૨/૨૦૧૬ સોમવારના વાછરા દાદાના નવનિર્મિત મંદિરનો તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી ધરમશી પરિવારે, પહેડી પ્રસાદ, જીવદયા ગાયોને નીલોચારો, આદિનો લાભ લીધેલ.

મુંબઈથી તેમજ સાંધવવાસીઓ સારી સંખ્યામાં પધારેલ. પહેડી પ્રસાદનો લાભ ૫૫૦ જણેની લીધેલ.

૧૦૪ વર્ષથી વધારે સમયથી આ સ્થાન છે એમ માતાજીએ શાળપૂરી છે. ધરતીકંપથી દેરી નષ્ટ થઈ અને ગામવેશ વિખેર થયું હોવાથી દાદા ઘણા વર્ષોથી ઝાડ નીચે આસરો લઈને બેઠા હતા. થોડા સમય બાદ ગામ પાછું થોડે દૂર વસવાટ થવા લાગ્યું. દાદાનું મંદિરની રાહ જોતા વર્ષોના વર્ષો નીકળી ગયા પણ કેટલા વર્ષો રહીને આજે એ દિવસ આવી ગયું. દાદાનું નવનિર્મિત મંદિર થઈ ગયું. આખું ગામ ખુશ-ખુશાલીમાં હતું આપણી વર્ષો પહેલાં અહીં ક.દ.ઓ. જ્ઞાતિની વસ્તી હતી. આજે દરબાર લોકોની ૫૦૦ થી વધારે વસ્તી છે.

**ખીસરા ગામે** તા. ૨૨.૨.૨૦૧૬ ના સોમવારાના વાછરા દાદાના નવનિર્મિત મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ) એ સાંધવ ગામે જીવદયા, ખીસરાગામે જીવદયા, નીલો ચારો તેમજ પહેડી પ્રસાદનો લાભ લીધેલ.

સાંધવગામવાળાઓ મુંબઈ થી - તેમ સાંધવવાસીયો, નિયાણી બહેનો લાપશીયા પરિવાર, વાગડ, રંગપુર થી તેમજ આજુબાજુના આમંત્રિત મહેમાનો, શાંતિજિન જાગૃતિ ગ્રુપના ભાઈ-બહેનો સારી ૭૦૦ થી વધારે સંખ્યામાં પધારેલ. બને જગ્યાએ વિધિવિધાન વિનોદભાઈ વ્યાસ અને સંગીતકાર કીશોર સંગ્રાહએ સારી એવી રમઝટ જણાવેલ. ખીસરા ગામવાસીઓ ખૂબ ખૂબ રાજીના રેડ હતા. કેટલા વર્ષો પછી દાદાનું મંદિર થયેલ. વર્ષોથી દાદા લીંબડાની ઝાડ નીચે બેઠા હતા. કેટલા વર્ષો અંદાજે ૨૦૦ વર્ષ થી ઉપર ક.દ.ઓ. જ્ઞાતીની વસ્તી હતી. લોડાયા પરિવાર, લાપશીયા પરિવારે દાદાને બેસાડેલ હતા. ગામવાસીઓએ દાતા પરિવાર તેમજ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ મુંબઈના આગેવાનોનું બહુમાન કરેલ. હાલમાં અહીં દરબાર લોકોની વસ્તી ૫૦૦ જણથી વધારે સંખ્યામાં છે.

**લિ. કીરણ દંડ, મુલુંડ ✦ રાજેશ દંડ, ભાંડુપ**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। જય શ્રી વાછરા દાદા નમો નમ ઃ ।।

# સાંધવગામના આંગણે જીવદયાનું સુંદર કાર્ય







શ્રી ઠાકરશી લાલજી શામજી પટેલની સ્મૃતિમાં શ્રીમતી વિમલાબેન ઠાકરશી પટેલ અને શ્રીમતી વિજયા ગોવિંદજી પટેલ તરફથી અબોલા પશુ-પક્ષી માટે (અવાડો), ચબુતરો, પાણીની પરબ આદિ બંધાવીને સાંધવ ગામને અપર્ણ કરવામાં આવ્યા છે.

તા. ૨૦-૨-૨૦૧૬ શનિવારના ચર્તુરવિધ સંઘ સાથે પ.પૂ. ગણીવર્યશ્રી મહોદયસાગરજી મ.સા., પ.પૂ. કંચન સાગરજી મ.સા. અને પૂ.પૂ. મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ભગવંતો હંસાવલીશ્રીજી મ.સા., પ.પૂ. ધર્મકિર્તીશ્રીજી મ.સા., પ.પૂ. પુર્ણગુણાશ્રીજી મ.સા., પ.પૂ. કાવ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ. દિવ્યકિરણાશ્રીજી મ.સા., પ.પૂ. આનંદકિરણશ્રીજી મ.સા., પ.પૂ. પદમગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા નિશ્રા સાથે પ.પૂ. ગણિવર્યશ્રીજી મ.સા.એ માંગલિક સંભળાવેલ. આ જીવદયા સુવિધાઓનું લોકાર્પણ શેઠશ્રી ચાંપશીભાઈ લોડાયા, શેઠશ્રી શામજી દંડ, જયેશ જૈન, લક્ષ્મીચંદ મુરજી, ભવાનજીભાઈ લોડાયા, ચેતન પીર, વિરેન્દ્ર લોડાયા, કિરણ દંડ, જયેશ લોડાયા, ચંદ્રેશ સોની, મયંક લોડાયા, સરપંચશ્રી હુસેન હિંગોરા, ઉપસરપંચ જયવીર સીંહ જાડેજા, માજી સરપંચ પ્રતાપસિંહ સોઢા, પ્રવિણ સિંહ જાડેજાના વરદ હસ્તે સંપન્ન થયું.

આ પ્રસંગે સાંધવના મુંબઈ-દેશ દેશાવરથી પધારેલ ભાઈ-બહેનો, ગામવાસીઓ જૈનેતરભાઈઓ કુટુંબીજનો, તેમજ ગામના ખેતુભા જાડેજા, ખેતુલા જેમલજી, ભાણુભા ઝાલા, રઘુભા જાડેજા, મહમદ હુસેન હિંગોરા, જેઠુભા સોઢા આદિ આગેવાનો સહ બહોળી સંખ્યા લોકો હાજર રહેલ.













લી. શ્રી વિપુલ પટેલ, સાંધવ - મુલુંડ • મુકેશ દંડ, સાંધવ - મુલુંડ

श्री शांतिनाथाय नमो नमः

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ
# શ્રી શાંતિનાથ દાદા ના ૧૫૦ વર્ષ ગાદીશીન મહોત્સવ ઐતિહાસિક રીતે ઉજવેલ

**બેનમુન...... બેમિસાલ....... લાજવાબ........ મહોત્સવે ધન્ય બની સાંધવ ગામ ની ધરા**

**હરખ અને પ્રસન્નતાથી છલોછલ વડીલોના વાસંતિક વૈભવ ને અભિવ્યક્ત કરતો**
**નીયાણી બહેનોના હર્ષની હેલીથી તરબતર કરતો.**
**વડીલોના ચેહરા પરના હાસ્ય અને સ્મિતને જોઈ સમગ્ર વિશ્વનું સૌંદર્ય જાણે સાંધવના આંગણે અવતર્યું.**

## મહોત્સવ ની સુવર્ણમય ઝલક

કચ્છની ધરતી ઉપર શ્રી કચ્છી દશા જૈન જ્ઞાતિમાં સૌપ્રથમ વાર સાંધવ ગામે શ્રી અર્હદ મહાપૂજન ઉજવાયું. મહોત્સવ દરમ્યાન અઠ્ઠમ તપ, એકાસણા અને વિવિધ તપસ્યાઓ, દરરોજ કુમારપાળ મહારાજાનો ભવ્ય વરઘોડો, તેમજ પ્રભુજીની મહા આરતી, નિત નવી અંગરચનાઓ, તેમજ દીવડાઓની રોશનીથી સાંધવ નગરી દીપી ઉઠી. મહેંદી રશમ ઉલ્લાસપૂર્વક ઉજવાયો. વરઘોડા વખતે હેલીકોપ્ટર દ્વારા વૃષ્ટિ કરવામાં આવી હતી. સાંધવ ગામની શેરીઓ શણગારવામાં આવેલ.

ઇ.સ.૨૦૧૬ની સાલે શ્રી કચ્છ દેશે સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાના ૧૫૦ વર્ષ ગાદીશીન સાર્ધ શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ હર્ષ અને ઉલ્લાસ સાથે ઉજવાયું.

**તા. ૧૫-૦૨-૨૦૧૬** ના ગામના સર્વે દેવ દેવસ્થાન, સર્વે પીરને ચાદર ચડાવી પહેડી પ્રસાદ કરી (એક સદગૃહસ્થ લાભ લીધેલ) આમંત્રણ આપવામાં આવ્યા.

બપોરના ૧.૩૦ કલાકે શ્રી સાંધવ જૈન સંઘ તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ.

**તા. ૧૬-૦૨-૨૦૧૬**ના સવારના સાંધવ ગામે માંડવા બંધાયા. ઘર-ઘર તોરણ બંધાયા.

બપોરના શ્રી નવીન માણેકજી લોડાયાના સુપુત્ર ચિ. અજિતના લગ્ન પ્રસંગે અજિતશાંતિ મહાપૂજન રાખવામાં આવેલ. રૂ. ૧૦ નું સંઘપુજન કરવામાં આવેલ.

**તા. ૧૭-૦૨-૨૦૧૬**, મહાસુદ - ૧૦ ના મહોત્સવના પ્રથમ દિવસે સવારના પુ. સાધુ ભગવંતો તેમજ પુ. સાધ્વી ભગવંતો તેમજ મુંબઈથી પધારેલ સંઘનું વાજતે ગાજતે શણગારેલી બગીઓ સાથે બેડા લઈને બહેનો ઢોલ શરણાઈના સથવારે ભવ્યાતીભવ્ય સામૈયું કરવામાં આવેલ. સવારના શ્રી કુંભ સ્થાપના, શ્રી દિપક સ્થાપના, શ્રી જવારા રોપણ / નવગ્રહ દશદીકપાલ પૂજન, શ્રી અષ્ટમંગલ પાટલા પૂજનના લાભાર્થી પરિવાર **માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ - વાપી** અને **માતુશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ - ભાંડુપ. બન્ને પરિવાર** તરફથી રૂ. ૧૦નું સંઘપૂજન રાખવામાં આવેલ.

બપોરના ૧.૩૦ કલાકે અઢાર અભિષેક મહાવિધાન રાખવામાં આવેલ. દરેક ગાથાનો લાભ અલગ અલગ ભાગ્યશાળીઓએ લીધેલ. આરતીનો લાભ **શ્રીમતી હિરલ રોકી કિશોર લોડાયા - ડોંબિવલી** અને મંગલદીવાનો લાભ **શ્રી દેવેન્દ્ર કાન્તીચંદ ખોના - ઘાટકોપર**એ લીધેલ. શાંતિકળશ **શ્રી મણીલાલ ભવાનજી લોડાયા - ભાંડુપ**, રૂ. ૧૦ નું સંઘપૂજન **શ્રી હરીશ કાન્તીચંદ ખોના - ઘાટકોપર** અને **શ્રીમતી નીતા વિજય લોડાયા - મોટી ખાવડી.** પ્રભુજીની ભવ્ય અંગરચના, રંગોળી, દીવડાઓની રોશની. કુમારપાળ મહારાજા બનવાનો લાભ **શ્રી ઠાકરશી લાલજી પટેલ - મુલુંડ.** મહાકાળી માતાજીની ભાવના અને પ્રભુજીની ભક્તિ ભાવનાનો લાભ **માતુશ્રી વિરબાઈ રાઘવજી લોડાયા હસ્તે કલ્પનાબેન ભવાનજી લોડાયા - મુલુંડ** એ લીધેલ.

**તા. ૧૮-૦૨-૨૦૧૬**, મહાસુદ - ૧૧ના ત્રિદિવસીય શ્રી અર્હદ મહાપૂજનનો પ્રારંભ સવારના શ્રી જિનાચાર્યવિધિ : લઘુ સ્નાત્ર વિધાન : કુસુમાંજલિના લાભાર્થી પરિવાર **શ્રી રાયચંદ નરશી દંડ - મુલુંડ**, રૂ. ૧૦ નું સંઘપુજન, **શ્રીમતી શકુંતલા રાયચંદ દંડ - મુલુંડ** અને **શ્રી પદમશી કુંવરજી પટેલ - કલકત્તા.**

બપોર ના ૧.૩૦ કલાકે શ્રી અર્હદ મહાપૂજન ૨૫ કુસુમાંજલિ વિધાનના લાભાર્થી પરિવાર **શ્રી રસિક દેવરાજ લોડાયા - મુલુંડ**, રૂ. ૧૦ નું સંઘપુજન, **શ્રી રસિક દેવરાજ લોડાયા - મુલુંડ.** પ્રભુજીની ભક્તિ ભાવના અને રંગોળીનો લાભ **માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા - ડોંબિવલી**, પ્રભુજીની ભવ્ય અંગરચના **શા. માલશી પત્રામલ લોડાયા હસ્તે સોમચંદ લોડાયા - ડોંબિવલી** અને દીવડાઓની રોશની **માતુશ્રી લાખબાઈ કાન્તીચંદ ખોના - ઘાટકોપર** અને કુમારપાળ રાજા બનવાનો લાભ **શ્રી દામજી નરશી દંડ - ભાંડુપ** એ લીધેલ.

**તા. ૧૯-૦૨-૨૦૧૬**, મહાસુદ - ૧૨ના સવારના શ્રી અર્હદ મહાપૂજન શ્રી સમપીઠ પૂજન (પ્રથમ વિભાગ) હવનના લાભાર્થી પરિવાર **માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ - મુલુંડ** અને **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા - ડોંબિવલી** પરિવાર તરફથી રૂ. ૧૦ નું સંઘ પૂજન કરવામાં આવેલ.

બપોરના અર્હદ મહાપૂજન સમપીઠ પૂજન (દ્વિતીય વિભાગ) હવનના લાભાર્થી પરિવાર **શા. મેઘજી કુંવરજી ખોના પરિવાર – ડોંબિવલી, શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર – ઘાટકોપર અને શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ – મુલુંડ** દ્વારા ચાંદી ના નુતન ૧૪ સ્વપ્ના પ્રભુજીના પારણા સાથે મહાજન શ્રી ને અર્પણ કરેલ. દાતા પરિવાર તરફથી ૧૪ સ્વપ્નના સંઘને દર્શન કરાવાયે. ચાંદીનું કલ્પવૃક્ષ શ્રીમતી કલ્પનાબેન ભવાનજી લોડાયા પરિવાર, મુલુંડ મહાજનશ્રીને અર્પણ કરવામાં આવેલ, રૂ. ૧૦નું સંઘપૂજન **શ્રી પદમશી કુંવરજી લોડાયા – કલકત્તા અને શા. મેઘજી કુંવરજી ખોના પરિવાર – ડોંબિવલી**, પ્રભુજીની ભક્તિ ભાવના, દીવડાઓની રોશની, પ્રભુજીની ભવ્ય અંગરચના અને કુમારપાળ મહારાજા બનાવાનો લાભ **અ.સૌ. ભાવના ચંદ્રેશ સોની – જખૌ** અને રંગોળીનો લાભ **અ. સૌ. ધારીણી ક્રીકેંશ મૈશેરી – નાની સિંધોડી** એ લીધેલ.

રાત્રે ભક્તિ ભાવના બાદ મહેંદી રસમ રાખવામાં આવેલ. સર્વે ભાઈઓ તેમજ બહેનોએ મહેંદી લગાડવાનો લાભ લીધેલ.

**તા. ૨૦-૦૨-૨૦૧૬**, મહાસુદ – ૧૩ ધ્વજા રોહણ દાદાની ૧૫૦મી વર્ષગાંઠ નો ધન્ય દિવસ સવારના ભવ્યાતી ભવ્ય રથ યાત્રા. પ્રભુજીને રથમાં લઈ ને બેસવાનો લાભ અને શણગારેલી બગી તેમજ (વેલ) ૨ બળદગાડી તેમજ ધર્મની ધ્વજા લઈને પાંચ અશ્વ ઉપર બેસવાનો લાભ **શ્રીમતી કલ્પનાબેન ભવાનજી લોડાયા – મુલુંડ** અને ૩ બગીઓમાં બેસવાનો લાભ **શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા – ઘાટકોપર** (વેલ) ૨ બળદગાડી નો લાભ **શ્રી માણેકજી મેઘજી લોડાયા – મુલુંડ**, બગીમાં ચાંદીના સ્વપ્ના તેમજ ચાંદીનું કલ્પવૃક્ષ લઈને બેઠેલ દાતા પરિવાર, અશ્વ ઉપર બેસવાનો લાભ **જીત ધનરાજ લોડાયા – સુથરી, શ્રી મધુકર ભવાનજી લોડાયા – ભાંડુપ, શ્રી કાન્તિલાલ ભવાનજી લોડાયા – ભાંડુપ**, વરઘોડામાં વિશેષતા હેલીકોપ્ટરથી ફૂલની વૃષ્ટિ, અત્યાધુનિક સ્પાયડર કેમેરો, થન-થન કરતો અશ્વ, નૃત્ય કરતી નાટિકા, શણગારેલા બેડા લઈને બહેનો, પખવાજ મંડળી, ગહુલી લઈને બહેનો ધર્મની ધ્વજા લઈને નાના ભૂલકાઓ, ડિસાથી અજંતા બેન્ડ પાર્ટી, વિરમગામ અને કચ્છી ઢોલ શરણાઈઓ, પુ. સાધુ – સાધ્વી ભગવંતો, ગામના જૈનેતર ભાઈઓ અને દરેક ગામથી આવેલા સંઘો, તેરા, નલિયા, જખૌ, લાલા, સાંયરા, વરાડિયા, સુથરી, કોઠારા, મો. સિંધોડી, માંડવી આશ્રમ, ડુમરા, દેઢિયા, રાયણ, રાપરગઢ, વડાલા મહાજન, બાંઢીયા, પરજાઉ, ધ્રામ્નોદ, રાજસ્થાન, સાંધવ ગામે માનવ મહેરામણ ભેગું થયું હતું.

પ્રભુજીને પોંખવાનો લાભ **શ્રીમતી જયાબેન લક્ષ્મીચંદ દંડ – ભાંડુપ**એ લીધેલ. મહોત્સવના મુખ્ય દાતા પરિવાર **અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા** અને **સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ**ને અશ્વ દ્વારા હારરોપણ કરવામાં આવેલ. **પ.પુ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** અને તેમજ સાંધવ પન્યાસ પ્રવર ગણીવર્ય **શ્રીમદ ભદ્રશીલ વિજયજી મ.સા.** નિ ગુરુમંદિરમાં પગલાની પુ. સાધુ-સાધ્વી ભગવંતો અને ચતુર્વિધિ સંઘની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવેલ. સત્તર ભેદી પૂજાના લાભાર્થી પરિવાર **માતુશ્રી વિરબાઈ રાઘવજી લોડાયા હસ્તે ભવાનજીભાઈ લોડાયા – મુલુંડ**, ધ્વજા ચઢાવવાના લાભાર્થી પરિવાર **શ્રી આણંદજી હીરજી ખોના પરિવાર – ગાંધીધામ અને શ્રી પદમશી કલ્યાણજી ખોના પરિવાર – મુલુંડ** લીધેલ. વાજતે ગાજતે ધ્વજા ચઢાવવામાં આવેલ.

ધ્વજા વખતે હેલીકોપ્ટર દ્વારા પુષ્પ વૃષ્ટિ કરવામાં આવેલ. હેલીકોપ્ટર દ્વારા વૃષ્ટિનો લાભ **શ્રી સમીર શામજી દંડ – મુલુંડ અને શ્રી વિપુલ ઠાકરશી પટેલ – મુલુંડ**એ લીધેલ. રૂ. ૧૦ નો સંઘપુજન શ્રી ભવાનજી રાઘવજી લોડાયા – મુલુંડ રૂ. ૫ શ્રી દિનેશ રામજી લોડાયા – મુલુંડ, રૂ. ૫ માતુશ્રી કસ્તુરીબાઈ સોમચંદ લોડાયા – સાંધવ અને ગોળ પ્રભાવના શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયા – દાદર અને પેડા પ્રભાવના શ્રી ઠાકરશી લાલજી પટેલ – મુલુંડ.

શાંતિનાથ ભગવાન માટે સાચા હીરાના ચક્ષુ **શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયા – દાદર** તરફથી મહાજનશ્રીને અર્પણ કરવામાં આવેલ.

**મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા પધારેલ** શ્રી ચાંપશીભાઈ લોડાયા અને શ્રી શામજીભાઈ દંડના હસ્તે તેમનું બહુમાન કરવામાં આવેલ.

બપોરના ૧.૩૦ કલાકે શ્રી અર્હદ મહાપૂજન બૃહદ સ્નાત્ર વિધાન, મેરુ પર્વતના અભિષેકના લાભાર્થી પરિવાર **માતુશ્રી લક્ષ્મીબાઈ મેઘજી લોડાયા પરિવાર હસ્તે બાબુકાકા – મુલુંડ**, સુવર્ણ પૂજા વખતે સાંધવ ગામની બહેનો તથા નીયાણી બહેનો એ ભક્તિમાં લીન થઈને પોતાના શરીરના ચાંદી અને સોનાના અલંકારો અર્પણ કર્યા હતા, તથા ગામવાશીઓ અને નીયાણી બહેનોએ ભગવાનની પૂજા કરતા ૯ અંગના સોનાના ટીલાઓ, બાજુબંધ, અને સોનાના કડાઓ અર્પણ કર્યા હતા.

૫૬ દીકકુમારીકાઓએ પ્રભુજીના જન્મ મહોત્સવની ઉજવણી કરેલ, ભાગ લેનાર સાંધવ ગામની નીયાણી બહેનો અને વહુ દીકરીઓએ લાભ લીધેલ. ૫૬ દીકકુમારીકાઓને રૂ. ૩૧૦૦/- માણેકજી મેઘજી લોડાયા અને રૂ. ૨૦૦૦/- શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આપવામાં આવેલ. રૂ. ૧૦નું સંઘપુજન શ્રી માણેકજી મેઘજી લોડાયા – મુલુંડ અને શ્રી સોમચંદ વિશનજી દંડ – કાંજુરમાર્ગ, પ્રભુજીની ભક્તિ ભાવના, કુમારપાળ મહારાજા બનવાનો અને રંગોળીના લાભાર્થી પરિવાર **માતુશ્રી લક્ષ્મીબાઈ મેઘજી લોડાયા – મુલુંડ**, પ્રભુજીની ભવ્ય અંગરચના – મહાપૂજાના લાભાર્થી પરિવાર **માતુશ્રી રતનબેન હીરાલાલ લોડાયા – ભાંડુપ.**

રાત્રે ૯ કલાકે અભિવાદન સમારોહ રાખવામાં આવેલ જેમાં સંપૂર્ણ મહોત્સવના મુખ્ય દાતાશ્રીઓ, **અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર – ઘાટકોપર અને સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ – મુલુંડ, શ્રી ભવાનજી રાઘવજી લોડાયા – મુલુંડ** તેમજ પંચાન્હિકા મહોત્સવના અન્ય દાતા પરિવારો, તેમજ કન્વીનર, ટ્રસ્ટીગણ, કાર્યકર્તાઓ, મહેતાજીનો બહુમાન કરવામાં આવેલ.

મહોત્સવના કન્વીનર ગોવિંદજી પટેલને સમગ્ર આયોજન સારી રીતે પાર પાડવા માટે સકળ સંઘ, ગામવાસીઓ તેમજ આમંત્રિતોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. તેમના યોગદાનની દેરાસરજીના પર્યુષણમાં તક્તિ મૂકવામાં કાયમી યાદ રાખવામાં આવશે એવી જાહેરાત થઈ હતી.

**આશાપુરા ગ્રુપ ના અગ્રણી હરીશચંદ્ર જાડેજા પધારતા** એમનું પણ દાતાશ્રીઓના વરસ હસ્તે બહુમાન કરવામાં આવેલ. અને **હરીશચંદ્ર જાડેજાએ ક્ષત્રિય સમાજ વતી સાંધવ સંઘના પ્રમુખ શ્રી શામજી નરશી દંડનું ચાંદીની તલવારથી સન્માન કરેલ.**

૭૦ વર્ષ ઉપરના ૨૦ થી વધુ સાંધવ ગામવાસીઓ તથા નીયાણી બહેનોનું બહાજન દ્વારા જણ નું સન્માન કરવામાં આવેલ. નીયાણી બહેનોને નાનપણના યાદગાર ગીતોથી સન્માનિત કરવામાં આવેલ.

**તા. ૨૧-૦૨-૨૦૧૬**, મહાસુદ – ૧૪ ના સવારના ૦૫.૦૦ કલાકે વાજતે ગાજતે દ્વારોદ્‌ઘાટન કરવામાં આવેલ રંગમંડપ ખોલવાનો લાભ **શ્રી ઠાકરશી લાલજી પટેલ – મુલુંડ** અને ગંભારો ખોલવાનો લાભ **માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા હસ્તે પ્રફુલભાઈ લોડાયા.**

તા. ૧૮-૧૯-૨૦ દરમ્યાન અઠ્ઠમતપ કરવામાં આવેલ. આરાધકોનો વાજતે ગાજતે વરઘોડો કાઢવામાં આવેલ. ત્યાર બાદ તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ. ૪૮ તપસ્વીઓએ અઠ્ઠમ તપની આરાધના કરેલ. **પ.પુ. મુનિરાજ શ્રી કંચન સાગર મ.સા. અને પ.પુ. સાધ્વી શ્રી કાવ્યગુણાશ્રી મ.સા.** અઠ્ઠમ તપની આરાધના કરેલ. **પ. પુ. સાધ્વી શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા.** ૮૭મી આયંબીલની ઓળી ચાલુ છે. **પ.પુ. સાધ્વી શ્રી ચારુશીલ મ.સા.** ૬૧મી આયંબીલની ઓળી ચાલુ છે. મહોત્સવ દરમ્યાન દરરોજના ૧૦ થી ૧૫ આયંબીલ તપની તપસ્યા ચાલુ હતી. અઠ્ઠમ તપ આરાધકને દરેક દાતાશ્રીઓ તરફથી રૂ. ૨૧૦૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી. અને આયંબીલ તપના દરેક આરાધકને દરરોજ રૂ. ૧૦૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી.

શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજનના લાભાર્થી પરિવાર તેમજ રૂ. ૧૦નું સંઘપુજન **માતુશ્રી દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર – ઘાટકોપર અને સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ પરિવાર – મુલુંડ.**

**મહોત્સવ દરમ્યાન પુણ્યે પાઈ નિશ્રા...**




પ.પુ. ગણીશ્રી મહોદયસાગર મ.સા. આદિઠાણા,
પ.પુ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.,
પ.પુ. મુનિરાજ શ્રી તપસ્વીરત્ન સાંધવતારક કંચનસાગરજી મ.સા.

**શ્રમણીવૃંદ**

પ.પુ. સાધ્વીશ્રી હંસાવલિશ્રીજી મ.સા. આદિઠાણા,
પ.પુ. સાધ્વીશ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા. આદિઠાણા
પ.પુ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. આદિઠાણા,
પ.પુ. સાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા. આદિઠાણા
પ.પુ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.,
પ.પુ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.,
પ.પુ. સાધ્વીશ્રી પદમગુણાશ્રીજી મ.સા.

બપોરના ૧.૦૦ કલાકે સામૂહિક શ્રી શાંતિનાથ મહાપૂજન (૧૦૮ સજોડા) ના લાભાર્થી પરિવાર **માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા હસ્તે કલ્પનાબેન ભવાનજી લોડાયા – મુલુંડ**, રૂ. ૧૦નું સંઘપુજન શ્રી ભવાનજી રાઘવજી લોડાયા – મુલુંડ અને સંઘવી ભાગચંદ દામજી ધરમશી – કોઠારા, પ્રભુજીની ભક્તિભાવનાના લાભાર્થી **માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા – મુલુંડ**, પ્રભુજીની ભવ્ય અંગરચના : **અ. સૌ. તેજલ વિનીત ખોના – નલિયા**, રંગોળીના લાભાર્થી પરિવાર : **અ.સૌ. કિંજલ મેહુલ નાગડા – તેરા**, દીવડાઓની રોશની અને કુમારપાળ રાજા બનવાનો લાભ **માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર – મુલુંડ** લીધેલ. વિવિધ દાતાશ્રીઓ તરફથી સંઘપૂજન પેટે આવેલ રૂપિયાનું મહોત્સવમાં પધારેલ દરેક ભાવિકો ને રૂ. ૨૦૦ ની પ્રભાવના કરવામાં આવેલ.

શાંતિ સ્નાત્ર પૂજન બાદ આખા ગામ ને ધારાવડી કરવામાં આવી.

દરરોજ સવારે પ.પુ. ગણીવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.ની સંગાથે પ્રભુની ભક્તિ ભાવના સવાર ના ૦૬.૦૦ કલાકે. ત્યાર બાદ જિનવાણી, અને સાંજે ૦૭.૦૦ કલાકે ભક્તિ સંધ્યા, ૦૮.૦૦ કલાકે કુમારપાળ મહારાજાનું વાજતે ગાજતે વરઘોડા, ત્યાર બાદ કુમારપાળ મહારાજાના સથવારે આરતી ઉતારવા માં આવતી.

દેરાસરજી ને ભવ્યાતી ભવ્ય દરરોજ અલગ અલગ દીવડાઓની રોશનીઓથી શણગારવા માટે ભરતભાઈ દીવડા વાળા સુરેન્દ્ર નગરથી પધારેલ. પ્રભુજીની અંગરચના માટે જયશ્રીબેન શાહ માંડવીથી પધારેલ. સાંધવ ગામમાં દરેક ફરિયામાં ગામવાસીઓ દ્વારા મંડપનો શણગાર કરવામાં આવેલ. મહોત્સવ દરમ્યાન સાંધવ ગામ ભવ્યાતીભવ્ય રોશની અને શણગારથી ઈન્દ્રની નગરી જેવું લાગતું હતું. સાંધવ ગામના ૧૫૦ વર્ષ જુના જાજરમાન ઈતિહાસની ઝાંખી કરવામાં આવેલ.

# આભારદર્શન

**પંચાન્હિકા મહોત્સવમાં સેવા :** પ્રવીણ મોતા, વિપુલ પટેલ, વીરચંદ ખોના, રસિક લોડાયા, લક્ષ્મીચંદ મુરજી દંડ, વિપુલ કાન્તિલાલ, રાજેશ દંડ, મુકેશ દંડ, રાજેશ પટેલ, પરેશ દંડ, ખુશાલ પટેલ, હિતેશ પટેલ, ઉમેશ ખોના, જવેરચંદ ખોના, વિશાલ લોડાયા, ડોલર લોડાયા, હિરેન લોડાયા, મનીશ પીર, મનોજ ગાલા, મહેશ મોતા, મિથુન પટેલ, નવીનભાઈ લોડાયા, રાયચંદ દંડ, દિનેશ લોડાયા, પ્રફુલ દંડ, જયેશ લોડાયા, તારાચંદ દંડ, બ્રિજેશ પટેલ, પરેશ લોડાયા, ચંદ્રકાંત લોડાયા, નયન કમલેશ, સમીર દંડ, કલ્પેશ લોડાયા, કેતુલ લોડાયા, ગુલાબ લોડાયા, સંદીપ લોડાયા, લક્ષ્મીચંદ લોડાયા, ચંદ્રેશ સોની, મધુકર લોડાયા, પ્રતિક લોડાયા, દીપક લોડાયા, તરુણ લોડાયા, અમિત લોડાયા, પારસ મૈશેરી, દીપક દંડ, ધનજી માલદે, દિનેશ મૈશેરી, જયશ્રીબેન ખોના, કસ્તુરીબાઈ લોડાયા, મીના દંડ, હેતલ પટેલ, કલ્પના લોડાયા, રેખા લોડાયા, કલ્પના ખોના, જયાબેન સોની, જાગૃતિ મૈશેરી, ગુણવંતીબેન મોતા, એકતા દંડ, કાજલ લોડાયા, મિતલ લોડાયા, નયના મોતા, નયના ખોના, હિરલ લોડાયા, વિમલા મૈશેરી, મીનાબેન નાગડા, જાગૃતિ મોમાયા, રસીલાબેન ખોના, મધુબેન ખોના, હંસા દંડ, વીણા દંડ, અને રઘુભા જાડેજા, શરદ જાડેજા, ઈશા હિંગોરા, હુસેન હિંગોરા, સુલેમાન હિંગોરા, પુજારી પંકજ શામજી ડાઘા, પ્રિન્ટર કરણ સોલંકી આદિ સર્વે જણે મહોત્સવમાં સેવા આપીને મહોત્સવને ચાર ચાંદ લગાવ્યા હતા.

**મહોત્સવ દરમ્યાન રહેવા માટે પોત - પોતાની જગ્યાઓ આપનારા** એવા શ્રી જીવણબેન નાગડા, પીતાંબર પટેલ, પ્રવીણભાઈ મોતા, ભાવેશ દંડ, લક્ષ્મીચંદ નરશી દંડ, શામજીભાઈ દંડ, માણેકજી કેશવજી લોડાયા, મુરજીભાઈ લોડાયા, લક્ષ્મીચંદ મુરજી દંડ, રાજગોર હરિરામ વેલજી, રાજગોર હસમુખ રામજી, રઘુભા જાડેજા, ખેતુભા હજુભા જાડેજા, કેશુભા જાડેજા, નાનો દરબાર ગઢ, સોઢા ગાભુભા, સર્વેનું મહાજન શ્રી ખુબ ખુબ આભાર માને છે. પ્રમુખ શ્રી શામજીભાઈ દંડે તેમની પ્રસંશા કરી હતી.

**મહોત્સવ દરમ્યાન વિવિધ કાર્યમાં સાથ સહકાર આપનાર** વિનોદ લાલકા, કિરણ દંડ, વીરેન્દ્ર લોડાયા, ભાવેશ જ્ઞાનચંદ લોડાયા, દિનેશ પ્રિન્ટર, પ્રવીણ લોડાયા, જયેશ જૈન, ચેતન ખોના-દેઢિયા, સંજય સોની-મુલુંડ, જીતેન્દ્ર ખોના-ઘાટકોપર, મહારાજા ટ્રાન્સપોર્ટ-મુંબઈ, નિમેશ મોતા, પ્રબોધભાઈ મુનવર, સ્ટીચ એલ.ના સંદીપ લોડાયા, ભદ્રિકભાઈ મૈશેરી, ભવાનજીભાઈ ઠક્કર, મંડપ ડેકોરેસન - કસરન સંગ્રાર, પોમલ વિડીઓ - ભુજ, સાઊંડ સીસ્ટમ-હરી ગઢવી-નાના ભાડિયા, સર્વેનું મહાજન શ્રી ખુબ ખુબ આભાર માને છે.

**વિધિ વિધાન માટે કેવલભાઈ વસનજી સાવલા, સંગીતની રમઝટ માટે મુકેશ નાયક એન્ડ પાર્ટી- પાટણ, અને નિકેશ નાગડા - ગઢસીસા થી પધારેલ.**

સાંધવ ગામવાસીઓ તેમજ નીયાણી બહેનો આમંત્રિત મહેમાનો મુંબઈ, ખામગામ, અમલનેર, મલકાપુર, પુના, લોકાપુર, ખંડવા, હૈદરાબાદ, વાપી, હાલોલ, વડોદરા, તીરપુર, અમદાવાદ, જલગામ, રાજકોટ, રંગપુર, પાચોરા, ચાલીશગામ, લોનાવાલા, ગાંધીધામ, ભુજ, મુન્દ્રા, ભચાઉ, લુણી, માંડવી, ૪૦૦ થી વધારે જણની સંખ્યામાં પધારેલ.

મુંબઈ થી વિનોદ ડાઘા, જયેશ જૈન, ચેતન પીર, વીરેન્દ્ર લોડાયા, ભરત જીવાણી, કેતન દંડ, કિરણ દંડ, મયંક લોડાયા, જતિન મોતા, જતિન નાગડા, રાયચંદ શિવજી લોડાયા, લક્ષ્મીચંદ પોલડીયા, હિતેશ નાગડા, ચંદ્રકાંત લઘુભાઈ લોડાયા, નવીનભાઈ દંડ-ઘાટકોપર, રતિલાલ ધ્રોળ, દિનેશ પટેલ, વાલજીભાઈ મોમાયા, મણીલાલ મોમાયા, ગુલાબભાઈ મોતા, હંસાબેન પટેલ.

અમદાવાદથી જતિન વીરેન્દ્ર લોડાયા, સાંધવના મુંબઈ થી ભગુભા જાડેજા, શામત જાડેજા, પ્રવીણસિંહ જાડેજા, લાભેન્દ્ર રાજગોર, ચેતન રાજગોર, સર્વે મહાનુભાવો પધારેલ.

તેરા ગામથી પ્રવીણભાઈ દંડ, ગોવિંદજી રતાણી નલિયાથી સોમચંદ મોતા, રાયચંદ ડાઘા, નરેન્દ્ર લોડાયા, એમકે નાગડા, જખૌથી નવીનભાઈ, દામજીભાઈ, લાલાથી હીરાચંદભાઈ, બાબુભાઈ, ડુમરાથી રમેશ સોની, દેઢિયાથી ભરત લોડાયા, ભુજથી હરીશ લોડાયા, પ્રબોધ મુનવર, કોઠારાથી વધર્માન લોડાયા, દિનેશ મોતા, વરાડીયાથી દેવેન્દ્ર મોમાયા, મોટી સિંધોડીથી લહેરચંદ મૈશેરી, સર્વે મહાનુભાવો પધારેલ. મહોત્સવ દરમ્યાન સર્વે પધારેલ.

ગામવાસીઓ, નીયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોની રહેવાની વ્યવસ્થા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવએ કરેલ.

**નામી અનામી સર્વે જ્ઞાતિજનો, ગામવાસીઓ, નીયાણી બહેનોનો શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ દિલથી આભાર માની અનુમોદના કરે છે.**

જૈનો અને જૈનેતર ભાઈ-બહેનોના ચહેરા ઉપર આનંદનો ઉત્સાહની હેલી ચડી હતી. માંડવી આશ્રમ વાસીઓને પંચ તિર્થી (દેઢિયા, સાંધવ, સાંયરા, સુથરી, કોઠારા) કરવાનો લાભ **શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર** અને **શ્રી ઠાકરશી લાલજી પટેલ પરિવાર**એ લીધેલ. જીવદયા ૩૫૦થી વધારે ગાયોને ગોળની ભીલીઓ **શ્રી દામજી નરશી દંડ પરિવાર** તરફથી ખવડાવવામાં આવેલ.

**સાંધવ સંઘની દાનગંગામાં નાનો મોટો ફાળો આપનાર બધાજ દિલેર દાતાઓ જેના કારણે આ પ્રસંગ દીપી ઉઠ્યો તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ એટલો ઓછો છે.**

પંચાન્હિકા મહોત્સવ પ્રસંગે જાણતા અજાણતા અમારા દ્વારા કોઈ પણ જણનું મન દુભાયું હોય તો ખરા હૃદય થી બે હાથે જોડી સર્વે ને મિચ્છામી દુક્કડમ.

લિ.: **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ** વતી ટ્રસ્ટીગણ પ્રવીણ મોતા, વિપુલ પટેલ ના જય જિનેન્દ્ર

## પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન મુખ્ય લાભાર્થીઓની અનુમોદના

## આપના સહયોગ થી શોભી ઉઠયો મહોત્સવ, આપ પર શાસનદેવની કૃપા રહે ભવો ભવ

જીવદયા ગાયોને લીલોચારો, પક્ષીઓને ચણ કુતરાને રોટલાના લાભાર્થી પરિવાર : **માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા પરિવાર હસ્તે કલ્પનાબેન ભવાનજી લોડાયા – મુલુંડ**

જિનાલય શણગારના લાભાર્થી : **અ.સૌ. ડીમ્પલ સમીર શામજી દંડ – મુલુંડ**

દેરાસરજીને લાઈટીંગથી શણગારવાના લાભાર્થી : **જાન્હવી, ૠષભ, નેમ સોની – સુથરી**

મુંબઈથી સાંધવ સંઘના સંઘપતિ પરિવાર (ટ્રેન/બસ) અને સાંધવથી ભુજ બસના લાભાર્થી : શ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા, શ્રી શામજી નરશી દંડ – મુલુંડ, માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ – મુલુંડ, માતુશ્રી લક્ષ્મીબાઈ મેઘજી લોડાયા હસ્તે બાબુકાકા – મુલુંડ, શ્રીમતી જયોબન લક્ષ્મીચંદ નરશી દંડ – ભાંડુપ, શ્રી પ્રવીણભાઈ માણેકજી લોડાયા – થાણા, માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ – મુલુંડ, માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા – ડોંબીવલી, શ્રી હિમાંશુ વીરચંદ મેઘજી ખોના – ડોંબીવલી

પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન સંપૂર્ણ સાધર્મિક ભક્તિના, હસ્તીનાપુરી નગરી, જગડુશા ભોજન ખંડ, આમંત્રણ પત્રિકાના લીખીતનના તેમજ લાડુબોક્ષના ગામવાસીઓના ઘરે ઘરે તોરણ બાંધવાના, વિડીઓ રેકોડીંગ તથા ફોટોગ્રાફીના, સાંધવ આવેલ સાંધવ વાસીઓ અને નિયાણી બહેનોને ઘર દીઠ શાંતિનાથ દાદાની અેકેલીક ફોટોફ્રેમ સાથે ચાંદીના સિક્કાની પ્રભાવના કરવાના લાભાર્થી પરિવાર.

**અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા**

| | |
|---|---|
| પુત્ર | : **અતુલ ચાંપશી લોડાયા** |
| પુત્રવધુ | : **અ.સૌ. જસ્મીની અતુલ લોડાયા** |
| પૌત્રી | : **ઉર્ઝા, વીહા** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. માધવી રાહુલ ખોના** |
| દોહિત્ર | : **વીર** |

**સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ**

| | |
|---|---|
| પુત્ર | : **સમીર શામજી દંડ** |
| પુત્રવધુ | : **અ.સૌ. ડીમ્પલ સમીર દંડ** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. લક્ષા નેમ સોની** |
| દોહિત્રી | : **જાનવી** |
| દોહિત્ર | : **ૠષભ** |

## મહોત્સવ પ્રસંગે હિરાની વસ્તુ અને અન્ય વિશેષ દાન આપનારાઓની યાદી

શાંતિનાથ ભગવાનને સાચા હીરાની ટીલડી : **માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા** – સાંધવ

અજીતનાથ ભગવાનને સાચા હીરાની ટીલડી : **શ્રી અજીત નવિનભાઈ માણેકજી લોડાયા લોખંડવાળા પરિવાર**

શાંતિ ભગવાન માટે બાજુબંધ તથા બેરખા (કડા) : (પાંચ-પાંચ તોલાના) **એક સદગૃહસ્થ પરિવાર**

ધર્મનાથ-મહાવીર ભગવાનને સાચા હીરાની ટીલડી : **એક સદગૃહસ્થ**

દેરાસરનજીના મુખ્ય ગંભારામાં ઉપરનો ચંદરવો **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા** સાંધવ તરફથી

## સુવર્ણપૂજન વખતે સુવર્ણદાન

**સોનાની ચેન :** રીટાબેન પ્રફુલ માણેકજી લોડાયા, સાંધવ

**સોનાનો કેડો :** વિમલાબેન ખીમજી દંડ – સાંધવ

**સોનાની વીંટી :** (૧)યજ્ઞા જયેશ માણેકજી લોડાયા – સાંધવ (૨) દીપાલી ચેતન માણેકજી લોડાયા – સાંધવ (૩) જોત્સના દામજી દંડ – સાંધવ (૪) ગુલાબચંદ નારાણજી લોડાયા – સાંધવ (૫) લક્ષ્મીબાઈ મણીલાલ માલશી લોડાયા – સાંધવ (૬) કલ્પનાબેન દેવેન્દ્ર કાંતીચંદ ખોના – સાંધવ (૭) દર્શન, નિખિલ તારાચંદ દંડ – સાંધવ

## મહાવીર સ્વામી, વિમલનાથ, ધર્મનાથ, અજીતનાથ, પ્રભુજીના નવે અંગના સોનાના ટીકા નાં લાભ લેનાર ભાગ્યશાળી

**૫ ટીકા :** ૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા-સાંધવ ૨) શ્રી માણેકજી કેશવજી લોડાયા પરિવાર હસ્તે પ્રફુલભાઈ-સાંધવ

**૪ ટીકા :** શ્રી ભવાનજી નરશી દંડ – સાંધવ, માતુશ્રી દમયંતી હંસરાજ દેવશી દંડ – સાંધવ

**૩ ટીકા :** શ્રી ઠાકરશી મેઘજી ગોસર – બાયઠ

**૨ ટીકા :** શ્રીમતી ગીતાબેન વિનોદ ડાઘા – વરાડીયા

૧ ટિકાનો લાભ લેનાર ભાગ્યશાળીઓની યાદી ૧૭મા પાને

**પ્રભુજીને સોનાનો ૧ ટીકો અર્પણ કરનાર ભાગ્યશાળીઓ :**

(૧) વિમલાબેન ખીમજી દંડ - સાંધવ
(૨) લતાબેન ઝવેરચંદ દંડ હસ્તે જતીન
(૩) શ્રી કરમશી નરશી દંડ - સાંધવ
(૪) લીલબાઈ માણેકજી દંડ - સાંધવ
(૫) કલાબેન દીનેશ લોડાયા - સાંધવ
(૬) દિનેશ વિસનજી દંડ - સાંધવ
(૭) રેવંતીબેન ચંદ્રકાંત મૈશેરી, માંડવી
(૮) ચંદનબેન ધનજી મૈશેરી - માંડવી
(૯) જયાબાઈ ચત્રભોજ દંડ - મંજલ
(૧૦) માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા - વારાપધર
(૧૧) સોનબાઈ પદમશી લાપસીયા - કોઠારા
(૧૨) શકુંતલા રાયચંદ દંડ - સાંધવ
(૧૩) પ્રકાશ માણેકજી લોડાયા - સાંધવ
(૧૪) પ્રવિણ માણેકજી લોડાયા - સાંધવ
(૧૫) મુલજી માણેકજી લોડાયા - સાંધવ
(૧૬) દમયંતીબાઈ વાલજી ખોના - મોટી ખાવડી
(૧૭) મીઠીબાઈ ચત્રભોજ લોડાયા - સુથરી
(૧૮) શાંતિલાલ લાલચંદ લોડાયા - સાંધવ
(૧૯) મીઠીબાઈ ટોકરશી લોડાયા - સાંધવ
(૨૦) પ્રફુલ ટોકરશી મોતા - સાંધવ
(૨૧) પ્રીતીબેન ચંદ્રકાંત અને મીતાબેન ટોકરશી લોડાયા - સાંધવ
(૨૨) રતનબેન પ્રેમજી મૈશેરી - જખૌ
(૨૩) ગોમાબેન હેમરાજ અને માણેકજી ભાણજી દંડ - સાંધવ
(૨૪) લક્ષાબેન નેમકુમાર સોની - સુથરી
(૨૫) રૂષભ નેમ સોની - સુથરી
(૨૬) જાનવી નેમ સોની - સુથરી
(૨૭) નેમકુમાર વિરચંદ સોની, સુથરી
(૨૮) ડીમ્પલ સમીર દંડ - સાંધવ
(૨૯) સમીર શામજી દંડ -સાંધવ
(૩૦) તેજલ (કીષ્ણા) કેતન નાગડા - સાંધાણ

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

## સાંધવ નગરે પરમતારક દાદાશ્રી શાંતિનાથ પ્રભુની શિતલછાયામાં સંઘપુજનનો લાભ લેનાર ભાગ્યશાળી

**નોંધ : ગામના ખાસ ઉલ્લેખ સિવાયના બધા ભાગ્યશાળી સાંધવ ગામના છે.**

**રૂા. ૧૧૦૦૦/-**
૧) શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા

**રૂા. ૨૫૦૦/-**
૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા
૨) શેઠશ્રી શામજી નરશી દંડ
૩) માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના
૪) શેઠશ્રી ભવાનજી નરશી દંડ
૫) શ્રી ભરત ભવાનજી લોડાયા રાપરગઢવારી

**રૂા. ૨૧૦૦/-**
૧) માતુશ્રી લક્ષ્મીબાઈ લઘુભાઈ દંડ

**રૂા. ૧૧૦૦/-**
૧) શ્રી શામજી માણેકજી લોડાયા
૨) શ્રી મુરજી માણેકજી લોડાયા
૩) શ્રી નવીન માણેકજી લોડાયા
૪) શ્રી પ્રવિણચંદ્ર માણેકજી લોડાયા
૫) શ્રી પ્રફુલ માણેકજી લોડાયા
૬) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા
૭) શ્રી નવીન દેવણાંદ લોડાયા
૮) શ્રી કિશોર દેવણાંદ લોડાયા
૯) માતુશ્રી નવલબાઈ મણીલાલ દંડ
૧૦) શ્રી ઠાકરશી લાલજી પટેલ
૧૧) માતુશ્રી કસ્તુરબાઈ લાલજી પટેલ
૧૨) માતુશ્રી રસીલાબાઈ માણેકજી લોડાયા
૧૩) મે. સ્વસ્તિક ક્લીયરીંગ હ. જયેશ લોડાયા
૧૪) માતુશ્રી ધનબાઈ મેઘજી લોડાયા
૧૫) પ્રિયાંશી જયેશ લોડાયા
૧૬) શા. આણંદજી હિરજી ખોના
૧૭) શા. પદમશી કલ્યાણજી ખોના
૧૮) માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ
૧૯) શ્રીમતી કલ્પનાબેન રસીક લોડાયા
૨૦) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા
૨૧) શ્રીમતી પ્રિતીબેન ચંદ્રકાંત લોડાયા
૨૨) માતુશ્રી જમકુબેન લાલજી પટેલ
૨૩) શા. પિતાંબર શામજી પટેલ
૨૪) શ્રી પદમશી કુંવરજી પટેલ
૨૫) શ્રી લક્ષ્મીચંદ મુરજી દંડ
૨૬) માતુશ્રી લીલીવંતીબેન લક્ષ્મીચંદ નાગડા
૨૭) માતુશ્રી મણીબાઈ વાલજી ખોના

યાદી ૧૮મા પાનાપર ચાલુ

**મહોત્સવમાં સહભાગી થનાર દરેક ભાવિકોનું રૂા. ૨૦૦નું સંઘપુજન થયેલ**

શ્રી શાંતિનાથાય નમઃ

## સાર્ધ શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ પૂર્ણાહુતિ નિમિત્તે સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભીનું આમંત્રણ

જય જિનેન્દ્ર, ઈ.સ. ૨૦૧૬ની સાલે ૧૬માં તીર્થંકર શ્રી શાંતિનાથ દાદાને ગાદીશીન થયે ૧૫૦ વર્ષ સાર્ધ શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ દાતાશ્રી પરિવારો ગામવાસીઓ અને નિયાણી બહેનોના સાથ સહકાર સાથે ભવ્યાતિ ભવ્ય રીતે ઉલ્લાસ અને આનંદપૂર્વક માનવંદના માટે તા. ૩/૪/૨૦૧૬, રવિવારના શ્રી નરશી નાથ બેંકવેટ સભાગૃહ, અનંત સિધ્ધી, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ મધ્યે સવારના ૧૦ થી ૨ વાગ્યા દરમ્યાન સ્નેહમિલન રાખવાનું નકકી કરેલ છે.

**મહોત્સવ દરમ્યાન સાંધવ ન પહોંચી શકયા હો તો પંચાન્હિકા મહોત્સવની ભવ્ય ઝલક માણવા સ્નેહમિલનમાં સમયસર પધારવા નમ્ર વિનંતી.**

લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતી
શામજી નરશી દંડ, પ્રમુખશ્રી

**સંઘપુજનનો લાભ લેનાર ભાગ્યશાળી (યાદી ચાલુ) નોંધ : ગામના ખાસ ઉલ્લેખ સિવાયના બધા ભાગ્યશાળી સાંધવ ગામના છે.**

૨૮) માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા
૨૯) શા. સોમચંદ વિસનજી લોડાયા
૩૦) માતુશ્રી ખમાવંતીબેન જીવરાજ દંડ
૩૧) માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા
૩૨) માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ
મંજલ રેલડીયા
૩૩) શા. ગોવિંદજી મેઘજી મોતા
ધ્રુફ્રિ મોટી
૩૪) શા. કાંતીલાલ કાનજી લાલકા
બાંઢીયા
૩૫) શ્રીમતી મીરાબેન તિલેશ મૈશેરી
લાલા
૩૬) શ્રીમતી લક્ષાબેન નેમકુમાર સોની
સુથરી
૩૭) શ્રીમતી ભાવનાબેન ચંદ્રેશ સોની
જખૌ
૩૮) માતુશ્રી ખમાવંતી પદમશી લુઠીયા
રવા
૩૯) શ્રીમતી ચંદાબેન નવીનચંદ્ર મૈશેરી
જખૌ
૪૦) શ્રીમતી શીલાબેન ભરત ખોના
બારોઈ
૪૧) માતુશ્રી મણીબાઈ મેઘજી ધુલ્લા
સુથરી
૪૨) માતુશ્રી રેવંતીબાઈ ચંદ્રકાંત મૈશેરી
માંડવી
૪૩) શ્રીમતી સોનલબેન સુરેશ ખોના
વાંકુ
૪૪) શ્રીમતી નયનાબેન મહેશ મોતા
લાલા
૪૫) મણીબેન મધુકાન્ત મોમાયા
વરાડીયા
૪૬) રાયચંદ હીરજી ખોના
૪૭) કેવલભાઈ સાવલા – ભુજ
૪૮) વિમલાબેન ખીમજી દંડ
૪૯) માલતીબેન હીરજી નાગડા – નલિયા
૫૦) રીટાબેન નવીનચંદ્ર દંડ – ઘાટકોપર
૫૧) જુલી ભરત રાંભીયા – અન્ય
૫૨) મુરબાઈ ભાણજી દેવજી દંડ
૫૩) વર્ધમાન પદમશી લોડાયા
૫૪) માતુશ્રી જમકુબાઈ જેઠાભાઈ લોડાયા
૫૫) દમયંતીબેન હંસરાજ દેવશી દંડ
૫૬) સાધનાબેન રાજેશ મૈશેરી
મોટી સિંધોડી

**રૂા. ૫૦૦/-**

૧) શા. ઉમરશી જીવરાજ ખોના
૨) શા. મણીલાલ ભવાનજી લોડાયા
૩) માતુશ્રી રતનબેન ઉમરશી ખોના
૪) જીનલ ભરત ખોના
૫) શ્રી કાંતીલાલ ભવાનજી લોડાયા
૬) માતુશ્રી લીલબાઈ માણેકજી દંડ
૭) એકતા પરેશ દંડ
૮) શ્રીમતી હિરલ રોકી લોડાયા
૯) શ્રી રામજી લાલજી ખોના
૧૦) શા. પિતામ્બર લાલજી ખોના
૧૧) શ્રી માણેકજી લાલજી ખોના
૧૨) માતુશ્રી શંકુતલાબેન રાયચંદ દંડ
૧૩) જીલ રાજેશ દંડ
૧૪) તનય નિલેશ દંડ
૧૫) ભવ્ય રાજેશ દંડ
૧૬) શા. વિરચંદ લાલજી પટેલ
૧૭) શા. મેઘજી લાલજી પટેલ
૧૮) શ્રી ખુશાલ લાલજી પટેલ
૧૯) શ્રીમતી વીણાબેન દિપક દંડ
૨૦) શ્રી કમલેશ આણંદજી દંડ
૨૧) શ્રીમતી વિજયાબેન ગોવિંદજી
મૈશેરી– લાલા
૨૨) શ્રીમતી કલાબેન દેવકરણ દંડ
તેરા
૨૩) જયાબેન માણેકજી સોની – સુથરી
૨૪) શ્રીમતી કિંજલ જયેશ મૈશેરી –
કોઠારા
૨૫) શ્રી વિકાન્ત દિનેશ મોતા – નલીયા
૨૬) શ્રી માલકેશ મણીલાલ લોડાયા –
નલીયા
૨૭) માતુશ્રી નવલબેન સોમચંદ લોડાયા
નલીયા
૨૮) શ્રી ભરત શિવજી પટેલ – તેરા
૨૯) શ્રીમતી કાજલ ધનરાજ લોડાયા
સુથરી
૩૦) શ્રી ધિરેન ગોવિંદજી ખોના – નલીયા
૩૧) શ્રી પુનમચંદ ઠાકરશી જૈન
વરાડીયા
૩૨) શ્રીમતી અમિતાબેન દિપેશ છેડા
નાંદેડ
૩૩) શ્રીમતી ગીતાબેન ભાવેશ શાહ
નલીયા
૩૪) રેખાબેન રમેશ નાગડા
રાપર ગઢવારી
૩૫) માતુશ્રી ચંપાબેન લખમશી ધરમશી
જસાપર
૩૬) શ્રીમતી ભાવનાબેન સુનીલ લોડાયા
તેરા
૩૭) શ્રીમતી ધારીણી ક્રિકેશ મૈશેરી
નાની સિંધોડી
૩૮) સરલાબેન રમેશ ધરમશી –ગોરખડી
૩૯) શ્રીમતી મીનાબેન લહેરચંદ શિયાડ
જખૌ
૪૦) શ્રીમતી હંસાબેન સુરેશ મહેતા
નખત્રાણા
૪૧) ભાવનાબેન દિપક મોમાયા –
રાણપર
૪૨) એકતા જયકુમાર મૈશેરી – સાંધણ
૪૩) દિપ્તીબેન હિરેન મોમાયા – રાણપર
૪૪) કાશ્મીરાબેન વિનોદ મૈશેરી – માંડવી
૪૫) તારાબેન પ્રેમચંદ દૌલત – સુથરી
૪૬) કાંતાબેન મણીલાલ લોડાયા
મંજલ રેલડીયા
૪૭) કાંતાબાઈ ખીમજી લોડાયા – લાલા
૪૮) જયશ્રી લક્ષ્મીચંદ લોડાયા – નલીયા
૪૯) કાંતાબાઈ ચત્રભોજ મોમાયા
સાંયરા
૫૦) શ્રીમતી સરિલાબેન રસિકલાલ
ખોના – મોટી ખાવડી
૫૧) મનીષા જીતેન્દ્ર દંડ – અન્ય
૫૨) શ્રી તારાચંદ દામજી નાગડા
પરજાઉ
૫૩) હિના જીતેન્દ્ર ખોના – વાંકુ
૫૪) ટોકરશી નરશી લોડાયા
૫૫) પરેશ રાયચંદ લોડાયા
૫૬) ઉર્મીલાબેન ઝવેરચંદ ધરમશી
લાલા
૫૭) નારાણજી દેવશી નાગડા – તેરા
૫૮) શીલ્પા દેવેન્દ્ર મોતા – જસાપર
૫૯) શ્રી સોમચંદ વિસનજી ખોના
સુખપરીયા
૬૦) શ્રી પ્રતાપ જયચંદ લોડાયા – સાંધવ
૬૧) રતનબેન ધનજી ધરમશી – સુથરી
૬૨) શ્રી મેઘજી દેવશી દંડ – કોઠારા
૬૩) પ્રીતી રાજેશ દંડ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ શ્રી શાંતિનાથ દાદા ના ૧૫૦ વર્ષ ગાદીશીન મહોત્સવ





















# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ શ્રી શાંતિનાથ દાદા ના ૧૫૦ વર્ષ ગાદીશીન મહોત્સવ




















# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ શ્રી શાંતિનાથ દાદા ના ૧૫૦ વર્ષ ગાદીશીન મહોત્સવ





## જૈનોની કર્તવ્યનિષ્ઠા ને ઉદારતાનું સન્માન



સમસ્ત જૈન કોમ વતન-માનવતા અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ બજાવવા ઉદારતાપૂર્વક આગળ રહે છે એની યાદ અપાવતા શત્રીયઅગ્રણી હરિશ્ચંદ્ર સિંહ અમરશી (વિંઝાણ-રાજકોટ)એ અચલગચ્છ અને સાંધવ જૈન સંઘના પ્રમુખ શ્રી શામજીભાઈ દંડનું પાઘડી અને તલવાર અપર્ણ કરી સન્માન કર્યું હતુ.











# દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૧૭/૦૯/૧૯૪૪



અરિહંત શરણ :
તા. ૧૮/૦૩/૨૦૧૪

## લક્ષ્મીચંદ (ટોકરશી) કુંવરજી હીરજી લાલકા

સૌ સ્વજનોના માનીતા, આપી સૌને છત્રછાયા....
દેહાંતેય જીવંત સ્મૃતિ આપની, રહેશો વિવિધ યાદોમાં સમાયા....

❖ સ્મરણકર્તા ❖

**માતુશ્રી વેજબાઈ કુંવરજી હીરજી લાલકા પરિવાર**

(ગામ : બાંઢીયા - હાલ : નેત્રા)




|| શ્રી ચંદ્રપ્રભ સ્વામીયે નમઃ ||



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયા

## આગામી ટ્રસ્ટ બોર્ડ (તા. ૧-૪-૨૦૧૬થી તા. ૩૧-૩-૨૦૨૧ની મુદત માટેની ચૂંટણી)

## નલિયા પ્રગતિ પેનલના ઉત્સાહિત અને જાગૃત ઉમેદવારો

**એક પગલું નલિયા ની પ્રગતિ ની દિશા તરફ**

નલિયાના સ્થાનિક ઉમેદવાર | અન્ય કચ્છના ઉમેદવાર | સંપૂર્ણ ભારત થી ઉમેદવારો



શ્રી રાયચંદ શામજી ડાઘા
(હાલ - નલિયા)



શ્રી જગદીશ વિશનજી છેડા
(હાલ - નલિયા)



શ્રીમતી યોગિતા અભય મોમાયા
(હાલ - અંજાર)



શ્રી કમલેશ ભવાનજી લોડાયા
(હાલ - માણાવદર)



શ્રી મહેશ વિશનજી છેડા
(હાલ - માણાવદર)

**સમાજની બદલવા આકૃતિ....... સમાજમાં લાવો પ્રગતિ.......**

મુંબઈ થી ઉમેદવાર



શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા
(હાલ - મુલુંડ)



શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા
(હાલ - ઘાટકોપર)



શ્રી ચેતન લહેરચંદ નાગડા
(હાલ - ડોંબીવલી)



શ્રી ભદ્રીચંદ ભવાનજી દંડ
(હાલ - ડોંબીવલી)



શ્રી અમિત જેઠાલાલ ખોના
(હાલ - ડોંબીવલી)



શ્રી અતુલ મેઘજી છેડા
(હાલ - મુલુંડ/શહાડ)

**યોગ્ય પુરૂષાર્થ કરે જાનથી, લોક હૃદયમાં પામે સ્થાન માનથી.... જીતશે એજ શાનથી !**

**બદલાવ અનિવાર્ય છે.... બદલાવ નું પહેલું પગથીયું એટલે પ્રગતિ.....**

**ચૂંટણી દિન : રવિવાર, તા. ૨૦ માર્ચ ૨૦૧૬ સવારે ૧૦ થી સાંજે ૫, ચૂંટણી સ્થળ : નલિયા - કચ્છ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન નલિયાના જ્ઞાતિજનોને અપીલ...

**ચાલો ભાલતી નલિયા મા મહાજન શ્રીની પ્રવૃતિઓને નવ પલ્લવિત કરી પ્રાણવાન બનાવીઓ.**

## જોગો......ઉઠો..........આળશ તજો.....

**પ્રગતિ આપણો હક્ક છે, પ્રગતિ આપણી ફરજ છે એ માટે મતદાન કરે.**

નરબંકા જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાના નલિયાવાસી નગરજનો... અબડાસાની પંચ તિર્થીમાં શિરમોર નામ ધરાવતા આપણા ગામમાં ઘણા સમયથી એકહથુ સત્તા અને આપખુદીથી મહાજનશ્રીની લીલીછમ ધાર્મિક, સામાજિક, વૈદકીય, પાંજરાપોળ, આયંબીલ શાળા અને અતિથી ગૃહની પ્રવૃત્તિઓ છેલ્લા કેટલાય વર્ષોથી ખાડે ગઈ છે. તોછડાઈ ભર્યા વલણ, અને મહાજનશ્રીની ગરિમાને ધક્કો લાગે તેવા કાર્યો જેવા કે ચંદ્રપ્રભુ જિનાલયે પણ દર્શને ને આવેલા યાત્રિકોને જમવા વખતે તેરા - જખૌની વાટ બતાવી દેવી. ઉચિત પ્રાથમિક સગવડો હોવા છતાં પૂરી ના પાડવી. કર્મચારીઓ સાથે અવિવેક, પાંજરાપોળના પશુઓની યોગ્ય માવજત નહિ, દેખભાળ નહિ જીવદયા સાથે આયંબીલ વાડીની રૂમો બંધ કરી રાત્રી ભોજન કરવું. અમે કહીએ ને કરીએ તેજ સાચું, એવું વલણ... તેવીજ રીતે પર્વ પર્યુષણે ઈચ્છિત હાજરી નહિ ઉત્સાહ કે જાગૃતિ નહિ. તેવી અનેક ફરિયાદો હોતા આપણા મહાજનશ્રીની ગતિશીલતા નામશેષ થવાના આરે છે. શેઠશ્રી નો નિયમ હતો કે ''મેમાણ અચે ત ભાણું મંઢીયું, હવે તે તીર્થ માં યાત્રિકો ભજે ત માની ખ્યોં.'' તેવી સ્થિતિ છે.!

મોભી માંવતરો એ ધીંગા મહાજનશ્રીની ઊભી કરેલી છાપને ફરી પ્રેરણાત્મક, પુરક અને પ્રોત્સાહજનક કરવા, આપને શાનમાં કહીએ કે કાનમાં? મહાજનશ્રીના લાંબા ઈતિહાસમાં રવિવાર તા. ૨૦.૦૩.૨૦૧૬ ના સર્વ પ્રથમ સ્થાનિકે (નલિયામાં) ચૂંટણી છે. ત્યારે અમારી ''નલિયા પ્રગતિ પેનલ'' ને આપનાં કીમતી અને ફળદાયી જંગી બહુમતે ચૂંટી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયાનો કારભાર સોંપી નલિયાના જ્ઞાતિજનોની સેવા કરવાની તક આપો.

અમને મત આપી વિજયી કરશો. અમારી પેનલમાં વિચારોની સમૃદ્ધિ કોઠાસુઝ નીર ક્ષિર દૃષ્ટિ, ઉજળો વ્યવહાર, સમર્પણ ભાવના, સંકલન અને સંસ્કરણ છે. અમને વિશ્વાસ છે કે મહાજનશ્રીની અત્યારની કાંટાળી વાટને અમે રાજમાર્ગ બનાવશું. મોસમ કોઈ પણ હોય નલિયાવાસી પ્રવૃતિઓ કાયમ બારમાસી હોય. મહાજન ટ્રસ્ટ માટે ચિંતિત હોય અમને મહાજનશ્રી ની દર પ્રવૃત્તિને પ્રાણવાન અને ગૌરવશાળી કરવાની ભાવના છે.

મહાજનશ્રી સામજ માટે મહાતીર્થ છે. તેના સંચાલન માટે જાગૃત અને રાગ દ્વેષ વગરના સક્રિય કાર્યકરો હોય, મહાજનશ્રીની પ્રવૃત્તિઓમાં ''બંધારણ સાથે વ્યવસ્થા હોય'' ''સુચના સાથે સમજણ હોય'' ''ભય નહિ ભરોસો હોય'' ''સભ્યો સાથે સંઘર્ષ નહિ પણ સંપર્ક સાથે સંબંધ હોય'' ''ગ્રુપ સાથે ગરિમા હોય વેર નહિ લહેર હોય'' મહાજનશ્રીના સર્વાંગીણ વિકાસ, ઉત્થાન અને સંકલનમાટે અમને મત આપી મહાજનશ્રીના હાથને ફોલાદી બનાવો એની સમય શીલાનો સૂર્ય નહિ તો કિરણ તો બનવા દો. અમે ઉત્સુક છીએ આપનાં મત માટે.

લિ. આપના નમ્ર સેવકો

**નલિયા પ્રગતિ પેનલના સભ્યો**

**✪ વીરેન્દ્ર લોડાયા ✪ સમીર નાગડા ✪ ચેતન નાગડા ✪ ભદ્રીચંદ દંડ**

**✪ અમિત ખોના ✪ અતુલ છેડા ✪ કમલેશ લોડાયા ✪ મહેશ છેડા**

**✪ યોગિતા મોમાયા ✪ રાયચંદ ડાઘા ✪ જગદીશ છેડા**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

**શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.**

### ચૈત્યવંદન વિધિ

**પ્રશ્ન - શ્રાવક માટેનો આગમોક્ત ચૈત્યવંદનવિધિ શું છે?**

**ઉત્તર -** આગમમાં શ્રાવકના ચૈત્યવંદનની વિધિ એટલીજ કહી છે કે એકસો આઠ કાવ્ય કહીને શક્રસ્તવ કહેવો.

ચૈત્યવંદન ભાષ્યમાં કહ્યું છે કે કેટલાક આચાર્ય એમ કહે છે જે :

- ❖ જીવાભિગમ સૂત્રમાં વિજય દેવતાના અધિકારમાં,
- ❖ રાયપસેણી સૂત્રમાં સૂર્યાભ દેવતાના અધિકારમાં,
- ❖ જ્ઞાતાધર્મકથા સૂત્રમાં દ્રોપદીના અધિકારમાં, તથા
- ❖ જંબૂદ્વિપપનત્તિ સૂત્રમાં શકેન્દ્ર

આ બધાએ શક્રસ્તવથીજ પરમાત્માને વંદના કરી છે. તેથી આ આચરણજ પ્રમાણભૂત છે. એથી અધિક વિધિ સૂત્રોમાં ગણધરોએ બતાવેલ નહીં હોવાથી શ્રાવક શક્રસ્તવથી જ ચૈત્યવંદન સમર્થિત કરેલ જણાય છે.

વળી આવશ્યક ચૂર્ણિકાર પણ એમ લખે છે કે ''જો ચૈત્ય હોય તો પહેલું ચૈત્ય વાંદે અને પછી ઈરિયાવહિ પડિકમે'' આ ઉપરથી જણાય છે કે ચૂર્ણિકારને પણ જીવાભિગમાદિકમાં કહેલ ચૈત્યવંદનવિધિ અભિમત લાગે છે. વળી વિચાર કરો કે આવશ્યક ચૂર્ણિકારે સામાયિકવંતને પણ ઈરિયાવહિથી પૂર્વે ચૈત્યવંદન લખ્યું છે ત્યારે વગર સામાયિકવંતને તો ઈરિયાવહિ હોય જ શેની? વળી શ્રેણિક તો અવિરત હતા તેથી તેમને ઈરિયાવહિ પડિકમવાનો સંભવ નહિ છતાં તે વગર દેવપૂજા - દેવવંદન દરરોજ ત્રિકાળ કરતા હતા તે વાત પ્રસિદ્ધ જ છે.

વળી જેમ દેશાવિરત તથા અવિરતનું સમ્યક્ત્વ સામાયિક સર્વ સ્થળે સરખુંજ કહ્યું છે તેમ તેની નિર્મળતાના કારણસ્વરૂપ



## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**Mumbai Off.:** C/o. 208, Bhaveshwar Complex, Near Railway Station, Vidhyavihar (W), Mumbai - 86.

**પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જિનેન્દ્ર**

આપણા દલતુંગી ગામે શ્રી અજિતનાથ દાદાની ૧૧૩મી ધ્વજા વૈશાખ સુદ ૫ને બુધવાર તા. ૧૧-૫-૨૦૧૬ના સવારે ૮.૦૦ કલાકે નિર્ધારિલ છે. સર્વે ગામવાસી ભાઈ-બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

શ્રી સંઘ દ્વારા સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ છે. સર્વેને લાભ લેવા વિનંતી. ધ્વજા રોહણ નિમિત્તે સત્તર ભેદી પુજા તથા અઢાર અભિષેકનું આયોજન કરવામાં આવેલ છે. નકરો રૂા. ૩૫૧/- (૧ પુજાના) સત્તર ભેદી પુજા તથા રૂા. ૫૦૧/- (૧ અભિષેકના) અઢાર અભિષેકના રાખેલ છે. વહેલો તે પહેલાના ધોરણે શ્રી વનરાજભાઈ માલદે (૦૯૮૧૯૪૬૧૫૧૦) અથવા શ્રી દિલીપભાઈ લાપસીયા (૦૯૨૧૪૪૨૬૧૪૨) ને નામ નોંધાવી લાભ લઈ શકે છે. વિધિકાર શ્રી વિક્રમભાઈ મહેતા, જામનગરથી સંગીત મંડળી સાથે પધારશે. સર્વે ગામવાસીઓને લાભ લેવા વિનંતી.

**ખાસ નોંધ :** દલતુંગી ખાતે અગત્યની મિટીંગનું આયોજન ગુરૂવાર તા. ૧૨-૫-૨૦૧૬ના બપોરે ૩.૩૦ થી ૫.૦૦ કલાકે રાખેલ છે. જેમાં દેરાસરજીના પરિસરમાં સમોવસરણના નિર્માણ બાબત તથા મહાજન વાડીના કાર્યને વેગ આપવા બાબત ચર્ચા કરવામાં આવશે. સર્વે ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર વિનંતી આપના તરફથી સલાહ-સૂચન લેખીતમાં તા. ૩૦-૪-૨૦૧૬ સુધી સંઘની મુંબઈ ઑફીસે અથવા દલતુંગી ખાતે શ્રી શામજીભાઈને લખી જણાવવા વિનંતી.

**ચાલો, સૌ ગામવાસીઓ માદરે વતન દલતુંગી... ઉજવીએ અજિતનાથ દાદાની ૧૧૩મી ધ્વજાનો મહોત્સવ શાનથી !**

ધજા ચડાવાનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર : **માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાળ પરિવાર**, ડોંબીવલી

આ સિવાય સર્વે સાધારણ ખાતે રૂા. ૩૦૦૦/- લેખે નીચે મુજબ નવા નામો આવેલ છે : ● માતુશ્રી નીમુબેન ચાંપશી પદમશી લાપસીયા, ડોંબીવલી ● માતુશ્રી લીલાવંતીબેન રામજી દેવશી ધરમશી, મુલુંડ ● શ્રી પ્રવિણભાઈ રાયશી ધરમશી, મુલુંડ.

ભાંડુપ ખાતે યોજાયેલ સ્નેહમિલન દરમ્યાન માતુશ્રી નીમુબેન ચાંપશી લાપસીયાને લકી ડ્રૉમાં લાગેલ રોકડ ઈનામ રૂા. ૫૫૫૫/- તેમના પરિવારે સાધારણ ખાતામાં લખાવેલ છે. સંઘ આ સર્વે પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

જિનપૂજન - વંદનાદિક છે તે પણ બન્નેના સરખાજ હોવા જોઈએ એમ અનુમાન થી (અટકલથી) સમજી શકાય છે.

એથી એમજ ફલિત થાય છે કે ચાર થોયં સાથે ચૈત્યવંદન કે દેવવંદન શ્રાવક - શ્રાવિકા માટે નથી. આ વિધિ સર્વવિરતિધર સાધુ - સાધ્વીજી ભગવંતો માટે પ્રતિક્રમણમાં જણાવેલ છે.

''પ્રતિક્રમણ વિધિ''

**પ્રશ્ન - શું અચલગચ્છના સાધુ - સાધ્વીજી તપાગચ્છનું પ્રતિક્રમણ કરે છે?**

**ઉત્તર** - તપાગચ્છમાં ચાતુર્માસ કરી આવેલા એક શ્રાવિકાબેને આ પ્રશ્ન પૂછતાં એનો ખુલાસે કરવો અતિ અગત્યનો જણાય છે.

પ્રથમ એક વાત સમજો - અચલગચ્છની સ્થાપના વિ. સં. ૧૧૫૯ માં થઈ છે... જ્યારે તપાગચ્છની સ્થાપના વિ.સં. ૧૨૮૫ માં થઈ છે. આ સત્ય જગજાહેર છે. હવે જે વિચારવંત હોય એ વિચાર કરીને સત્ય સંશોધન કરે કે વિ.સં. ૧૧૫૯ વાળો વિ. સં. ૧૨૮૫ વાળાનું અનુકરણ કરે? કે વિ.સં. ૧૨૮૫ વાળો વિ. સં. ૧૧૫૯ વાળાનું અનુકરણ કરે ?

શું તપાગચ્છની સ્થાપના સમયે સાધુ - સાધ્વીજી ભગવંતોના અને શ્રાવક શ્રાવિકાના પ્રતિક્રમણ સરખા હતા કે જુદા હતા? સમસ્ત તપાગચ્છના સર્વે આચાર્યોને આજના સમયે સ્વીકારવું પડે છે કે પહેલા શ્રમણોના અને શ્રાવકોના પ્રતિક્રમણ જુદા જ હતા. એટલુંજ નહિ પરંતુ સમસ્ત જૈન સંઘના શ્રમણ - શ્રમણિઓના પ્રતિક્રમણ સામાન્ય ફેરફાર સિવાય સરખાજ હતા તથા સમસ્ત જૈન સંઘના શ્રાવક-શ્રાવિકાઓના પ્રતિક્રમણ પણ સામાન્ય ફેરફાર સિવાય સરખા જ હતા. શ્રી આવશ્યક સૂત્ર એ જિનશાસનનું આગમ છે, કોઈ ગચ્છની માલિકી એના ઉપર નથી.

તપાગચ્છ પટ્ટાવલીનું અવલોકન કરતાં જણાશે કે એમણેજ ચાલી આવતી પરંપરામાં ફેરફાર કરીને શ્રાવકોના પ્રતિક્રમણ વિધિનાં ફેરફાર કરીને એને સાધુઓના પ્રતિક્રમણ સાથે ભેળવ્યા.

અચલગચ્છની પરંપરા આગમોને અને ચાલી આવતી સુધર્માસ્વામીની પરંપરાને આજ દિવસ સુધી સંપૂર્ણપણે વફાદાર રહી છે અને આગમોક્ત સમાચારીને પાળે છે. પોતાની મહત્તા જણાવવા બીજાની પ્રતિક્રમણ વિધિને ખોટી કહેવી... બાળજીવોને ખોટી રીતે ભરમાવવા એ દ્વેષથી ભરેલી આભ પરિણતિને જાહેર કરે છે. આ ભવના ભક્ત ગણ કે શિષ્ય પરિવારને વધારવા પરલોક અને આત્મહિતને હોડમાં મૂકવાનું કાર્ય કયો ડાહ્યો માણસ કરી શકે? એ સુજ્ઞજીવો સમજી શકે છે. પોતાની પાસે આવેલીને એના પોતાના માર્ગમાં સ્થિર કરવાને બદલે પોતાના પક્ષમાં ખેંચવા એ કામનો કે મોહનો પ્રભાવજ હોઈ શકે છે.

અષ્ટોતરી તીર્થમાલા, સૂત્ર સજ્ઝાયો, આદિ પણ અચલગચ્છના આચાર્યોએ રચેલા અને સ્વીકારેલા પ્રતિક્રમણમાં બોલાય છે. (ક્રમશઃ)


## વિમા માટે મહત્વનું માર્ગદર્શન

આપ આપનો કોઈપણ વિમો રીન્યુ કરતા હોવ અથવા કોઈપણ નવી પોલીસી કાઢવાનું વિચારતા હોવ તો પહેલા એકવાર જરૂરથી સંપર્ક કરો.

**bipinpnagda@gmail.com**

**93235 25000 / 02522 - 254012/13**

સૌથી બહેત્તર -સસ્તો-વધારે ફાયદોવાલી ઝડપી સંપૂર્ણ ક્લેમ કોઈપણ કપાત વિના મળે તેવી દરેક વિમા પોલીસીનું માર્ગદર્શન ફ્રી આપવામાં આવશે.

**કાર, ટ્રક, મેડીકલેમ, વર્કર, મશીનરી, ગોડાઉન, ઘર, સોસાયટી, ફેક્ટરી, ઓફીસ, પર્સનલ એક્સીડંટ, L.I.C. Policy, વિદેશમાં ફરવા અથવા ભણવા અથવા Business Tour પર જતા હોવ.... સુંદર, સસ્તા, ટીકાવ વિમા-ઝડપી ફટાફટ ક્લેમ મળે તેવા વિમા.**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**BIPIN NAGDA**

કોઈપણ પ્રકારના વિમા એકજ છત્ર નીચે

MDRT

**INDIA'S LEADING LIC AGENT IN INSURANCE SINCE 38 YEAR**

**EVERYTHING IN INSURANCE**

Office : 682, Ajanta Compound, Bhiwandi - 421 302.

|| પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથાય નમો નમઃ || || શત્રુંજય તીર્થમંડન શ્રી આદિનાથાય નમો નમઃ || || ચરમતીર્થપતી શ્રી મહાવીરસ્વામિને નમો નમઃ ||

|| અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ || || પાર્શ્વનાથ ચરણોપાસિકા શ્રી પદ્માવતી દેવ્યૈ નમઃ ||

|| નમો નમઃ ગુરુ ગુણસાગરસૂરયે ||



સરલવિભૂતિ,
અજોડ શાસનપ્રભાવક,
વર્ધમાનવિદ્યા સમારાધક
પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી

# કવીન્દ્રસાગરજી મહારાજાના



*No Aadesh...*
*No Chadava...*
*Only Aradhana...*
*Only Gurubhakti...*

## સંયમ જીવનનું ૪૭મું વર્ષ
## ગણિપદનું ૨૫મું વર્ષ (રજતવર્ષ પૂર્ણ)
## વર્ષીતપનું ૧૪મું વર્ષના
## પુણ્ય પાવન ત્રિવેણી નિમિત્તે

ભાગ્ય અને સૌભાગ્યદાયી મંત્ર શિરોમણિ

## શ્રી નવકાર મહામંત્રનું પ્રાણવંતુ અમૃતાનુષ્ઠાન તથા

ગુરૂ તત્ત્વની સાથે નિકટતા પામવાનો

## ગુરૂ કવીન્દ્ર ગૌરવ સમારોહ પ્રસંગે

**સાજન-મહાજન સૌને પધારવા પ્રેમભર્યું... સસ્નેહભર્યું આમંત્રણ...**

(જાપના ૧૦ દિવસ પહેલા પોત-પોતાના સંઘોમાંથી વહેલા તે પહેલાના ધોરણે પાસ મેળવી લેવા વિનંતી.)

**ધન્ય દિવસ**

## રવિવાર, ૨૭ માર્ચ ૨૦૧૬, સવારે ૮.૩૦ કલાકે

**સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ)**

**: નવકારમંત્રની આરાધના :**

**નવકારમંત્રારાધક શ્રી જયંતભાઈ રાહી ના સંગે**

**સમગ્ર અચલગચ્છ સંઘ માટે સૂક્ષ્મ બળને મજબુત કરવાનો અનેરો પ્રસંગ આવ્યો છે ત્યારે આ શુભ અવસર રખે ચૂકતા નહીં...**

**બપોરની સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.**

**પાસ લઈ આવનારને જ પ્રવેશ આપવામાં આવશે.**

પાસ લેનાર આરાધકો
જો સંજોગોવશાત ન આવી શકતા હોય તો
એ પાસ બીજા કોઈ આરાધકને આપી દેજો,
જેથી બીજા આરાધકો આરાધનાથી વંચિત ન રહે...
**વ્યવસ્થા : ભાંડુપ ભાવના મંડળ**

### નવકાર મંત્ર સમો મંત્ર ન ભૂતો ન ભવિષ્યતિ

- નવકાર મંત્ર એટલે વિદ્યાનો, શક્તિઓનો અને લબ્ધિઓનો ખજાનો છે.
- નવકારમંત્રના ૯ પદ નવનિધિ આપવા માટે સમર્થ છે. ૮ સંપદા અષ્ટમહાસિદ્ધિને ખેંચી લાવવાની શક્તિ ધરાવે છે.
- શ્રધ્ધાપૂર્વક બોલવામાં આવતુ નવકાર મંત્રનું એક અક્ષર (ન) ૭ સાગરોપમ નારકીના બંધનો તોડે છે, એક પદ (નમો અરિહંતાણં) ૫૦ સાગરોપમ નારકીના બંધનો તોડે છે ને આખો નવકાર ૫૦૦ સાગરોપમ નારકીના બંધનો તોડે છે.
- નવકાર મંત્ર અનેક અગમ્ય વિદ્યાનો ભંડાર છે. દા.ત. ''અરિહંત'' એ ચતુરક્ષરી વિદ્યા છે. અરિહંત માત્ર સાદો શબ્દ નથી, વિદ્યા છે. જેના જીવનમાં ''અરિહંત'' શબ્દ વ્યાપી જાપ એ આખરે ''અરિહંત'' બને છે. આવા તો અનેક મહિમા અને પ્રતાપ નવકાર મહામંત્રના છે.

**આયોજક / નિમંત્રક : જય જિનેન્દ્ર ગૌતમ નિધિ ટ્રસ્ટ**

1

# પૂજય ગુરૂદેવ કવીન્દ્રસાગરજી મ.સા. ની વિશેષતાઓ / વિરલ સિધ્ધિઓ...

- 11 વર્ષ સુધી નવકાર મંત્ર નવ્હતો મળ્યો, પરમતારક તીર્થંકરના દર્શન નવ્હતા મળ્યા, પરંતુ દુરથી ગુરુદેવની ઝાંખી મળી, ગુરૂદેવના દર્શન થયા અને જોતાવેંત ગુરૂદેવ જેવા થવાનો ચિંતન અને સ્વયંસંબુધ વૈરાગ્ય ખીલી ઉઠયો, પૂજયશ્રીનો ગુરૂદેવ પ્રત્યે, સંયમ જીવન પ્રત્યે, જિનશાસન પ્રત્યે કેવો ઋણાનુબંધ હશે ?
- સ્કુલના ત્રીજા ધોરણ સુધી ક, ખ વગેરે લખતા કે ગ્રહણ કરતા નવ્હતુ આવડતુ, આવા પ્રબળ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હતો, પણ બસ ગુરૂદેવનો સમાગમ થયો, ગુરૂદેવની સાનિધ્ય મળ્યો ને શ્લોકો પર શ્લોકો, ગાથા પર ગાથા યાદ રાખવાની અદ્ભુત જ્ઞાન પ્રતિભા પ્રગટ થઇ ગઇ. પૂજયશ્રીએ કેવી ગુરૂકૃપા પ્રાપ્ત કરી હશે ?
- કલિકાલ કલ્પતરૂ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ના કરકમળો દ્વારા પૂજયશ્રી **૧૨ વર્ષની કુમળીવયે મુનિશ્રી કલાપ્રભસાગરજી, મુનિશ્રી વીરભદ્રસાગરજી** સાથે દીક્ષીત થયા જે **''શાસન પ્રભાવક ત્રિપુટી''** તરીકે પ્રસિદ્ધ થઇ.
- પરમાત્માની અનહદ કૃપાથી અને ગુરૂદેવના અતૂટ આર્શીવાદથી જ્ઞાનનો ક્ષયોપનમ એવો ખીલી ઉઠયો કે સંસ્કૃત સાહિત્યમાં ''સાહિત્યશાસ્ત્રી'' કરતા અધિક અભ્યાસ કર્યો.
- અચલગચ્છના ઈતિહાસમાં સૌ પ્રથમ શત્રુંજય 99 યાત્રાના પાવનકારી નિશ્રાદાતા.
- મુલુંડ ચેકનાકા સંઘની અંદર પહેલ-વહેલા ઐતિહાસિક ચાતુર્માસ કરી, અદ્ભુત ધાર્મિક જયોત જગાડી, પ્રતિષ્ઠાદિની સઘળીય જવાબદારી બહુખુબીથી નિભાવી, સંઘને સદ્ધર અને ખીલતો કરી દીધો.
- અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નું સ્વપ્ન, કચ્છનું નજરાણુ ને ગચ્છની શાન સમો 72 જિનાલય તીર્થના નિર્માણમાં પોતાના પ્રાણ રેડી, પાયાના પત્થર બની, ગુરૂદેવનું સ્વપ્ન સાકાર કર્યું.
- 45 આગમના યોગોદ્વહન કર્યા પછી પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થાધિરાજની ગોદમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજાએ પૂજયશ્રીને ગણિપદથી સુશોભીત કર્યા, એ **''ગણિપદનું''** રજત વર્ષ છે.
- દક્ષિણ ગુજરાતમાં એક માત્ર ક.દ.ઓ. સમાજનો વડોદરા સ્થિત શ્રી વિમલનાથ દાદાનો શિખરબદ્ધ જિનાલયની અંજનશલાકા પ્રાણ-પ્રતિષ્ઠાનો મહોત્સવ પૂજય ગુરૂદેવની જ કૃપા થકી, ગુરૂદેવના જ પુરૂષાર્થ થકી, ગુરૂદેવના જ પુણ્ય પ્રભાવક થકી અદ્ભુત માહોલની વચ્ચે પરમાત્માની પ્રાણ-પ્રતિષ્ઠા થઇ, જે ગુરૂદેવના જીવનની સર્વ પ્રથમ આવગી અંજનશલાકા પ્રાણ-પ્રતિષ્ઠા હતી.
- તપસ્વીસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ને અચલગચ્છાધિપતિ પદ આપવાનો સૌભાગ્ય પૂજયશ્રીને પ્રાપ્ત થયું.
- સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ની પાવનકારી નિશ્રામાં આયોજીત **ભવ્ય શત્રુંજય ૯૯ યાત્રાના પુરૂષાર્થમૂર્તિ.**

**: સંપર્ક સૂત્ર :**

**કિર્તીભાઇ હરીયા – ૯૮૬૭૩ ૭૬૩૯૯ ● ધીરજભાઇ છેડા (બાભડાઇ) – ૯૮૧૯૩ ૪૭૧૯૨ ● શંશાકભાઇ – ૯૬૬૪૫ ૪૫૫૩૨**

શાસન સામ્રાજ્ઞી ચક્કેશ્વરી દેવીની ઉપાસના દ્વારા દિવ્ય ચમત્કારોની અનુભૂતિ કરનારા પ્રાણપ્યારા ગુરૂદેવશ્રી

આવી તો અનેક વિશેષતાઓ અને વિરલસિદ્ધિઓ પૂજયશ્રીએ જીવનમાં પ્રાપ્ત કરી છે.

**અચલગચ્છની શાન અને ગૌરવ સમા પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી**

સદાય નિરામયતા પામે, દીર્ધાયુષી બને,
સર્વશ્રેષ્ઠ શાસન પ્રભાવના કરતા રહે
એજ શાસન દેવી-દેવતા પાસે મંગલ પ્રાર્થના...

**સૌજન્ય : શ્રીમતી ખમાબેન ધર્મેન્દ્ર નાગડા (જખૌ)**

2

# વહીવંચા અને આપણો ઈતિહાસ - ભાગ ૪

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 098203 36767

મોટા ભાગની નાતોમાં બારોટ અથવા ભટ વંશાવલિની નોંધ (Genealogical Records) રાખે છે. રાજાશાહીના જમાનામાં બારોટોએ રાજકવિનાં સ્થાનો દિપાવ્યા છે. રાજ દરબારમાં રાજાની બીરદાવલિઓ, કવિતાઓ બોલે, લશ્કરને પાનો ચઢાવે, શૌર્યગીતો ગાય. આવી વીરોની બીરદાવલીઓ ઘરે બેસીને નથી લખી પરંતુ સમરાંગણમાં સાથ પણ આપ્યો છે. અવસર આવે યુગધર્મ બજાવે અને સત્યને સાથ આપે. વીરોને બલીદાનનો રાહ ચીંધ્યો છે. તેમને પરોપકાર્થે પ્રાણ દેવાની કે સ્વમાન, ચારિત્ર, ત્યાગ અને શૌર્યની વાતો ગળથુંથીમાં પીવરાવી છે.

આ નાશવંત સંસારમાં જેનો જન્મ છે એનું મૃત્યુ અવશ્ય છે. મૃત્યુ પછી ધીમે ધીમે માતા-પિતા, પુત્ર, પત્ની અને ભાઈ-બહેન ભુલી જાય છે. પરંતુ શુરવીર - દાતાઓ અને સતિઓનાં ઉજ્જ્વળ ઈતિહાસ બારોટ / વહીવંચાના ચોપડામાં અમર રહી જાય છે અને અવસરે સમાજને / કુટુંબને યાદ અપાવે છે. તેથી કહેવાય છે કે/બારોટ / ચારણ લીયે લાખ પણ આપે. ઉજ્જ્વલ નામ કરી સવાયું આપે.

વહીવંચાઓએ પોતાના આદર્શ, મુલ્ય અને વફાદારીના કેટલાય બલીદાનો આપ્યા છે. કુમારપાળ રાજાના જીવનનો એક પ્રસંગ સાંપડે છે. કુમારપાળ સિધ્ધરાજ પછી પાટણની ગાદીએ આવ્યો. ઉદયપુરનાં રાણાની કુંવરી પરણ્યો. કુમારપાલે જૈન ધર્મ અપનાવેલો અને પોતાની રાણીને જૈન ગુરૂને વંદન કરવાનું કહ્યું. પત્ની કહે હું મારા ધર્મને અને ગુરૂને માનું અન્ય ધર્મગુરૂને નહી, વાત હઠે ભરાઈ. રાણી રીસાઈને પોતાના પિયરે ચાલી ગઈ. કુમારપાલને ભુલ સમજાઈ કે તેણે જીદ કરી રાણી ઉપર દબાણ નહોતું કરવું જોઈતું. પત્નીને પાછા આવવા સમાચાર મોકલ્યા. પત્નીએ સમાચાર મોકલ્યા કે બારોટ મધ્યસ્થી કરે તો આવું. કુમારપાળે બારોટને વાત કરી. બારોટ કહે 'રાજન, તમે વચને બંધાવ કે એ તમારી પત્ની ઉપર દબાણ નહીં કરો, તો જાઉં. કુમારપાળ તૈયાર થતા બારોટ રાણીને તેડી લાવ્યા. પરંતુ થોડા સમય બાદ કુમારપાળનું રાણી ઉપર તેના ગુરૂને વંદન કરવાનું દબાણ વધ્યું. વાત વટે ચડી. રાણીએ બારોટ સમક્ષ ફરીયાદ કરી, બારોટે મધ્યસ્થીની જવાબદારી સ્વીકારી કટાર ખાઈ પોતાનું બલીદાન આપ્યું.

ઓસવાલોની લોડાયા, માલદે, ગોસર નુખના બારોટ શંભુદાન શામજી જામનગર રાજ્યનાં રાજકવિ હતા. એમની પાસે આપણી જ્ઞાતિના ઈતિહાસનો અખૂટ ભંડાર હતો.

શંભુદાન બારોટના મતે કચ્છી ઓસવાલો ખૂબ જ ઉચ્ચ કક્ષાની કોમ. વરસો પહેલા એમની પ્રથમ મુલાકાત વખતે, તેમનો યજમાન હોઈ પ્રસંશા ઉચ્ચારતા કહ્યું તમારા વડિલો બહુ જ ડાહ્યા અને બુધ્ધીશાળી. મારાથી સહેજે કહેવાયું ભટરાજા તમે યજમાનોની વધારે પ્રશંસા કરી રહ્યો હો તેવું લાગે છે. ડાહ્યા અને બુધ્ધીશાળી અમારા વડિલો હોત તો કચ્છમાં અબડાસા તાલુકો અને હાલારમાં લાલપુર તાલુકા જેવો દુષ્કાળ ગ્રસ્ત અંતરિયાળ વિભાગ શું કામ કર્યો. કોઈ સારા પ્રદેશમાં વસ્યા હોત !!

મારી વાત સાંભળી ૮૫ વરસની એમની કાયા ટટ્ટાર થઈ, રુંવાટી ઊભી થઈ અને કરડાકી ભર્યા અવાજે કહ્યું ''એક નહિ પણ સાડી સાત વાર તમારા વડિલો ડાહ્યા અને બુધ્ધીશાળી અને મને એમનાં ભટ/વહીવંચા થવાનું ગર્વ છે.'' મને કહે 'તારી જ્ઞાતિનો હાલનાં ૫૦-૬૦ વરસનો ઈતિહાસ છોડી પાછળનાં પાંચસો વરસનો ઈતિહાસ મોઢે છે તમારા (ઓસવાળોના) પૂર્વજોની વાત કરતાં મને ૩ દિવસ અને ૩ રાત ટૂંકા પડશે. હું મારી વાત કહીશ તું તારી જ્ઞાતિનો હમણાનાં ૫૦ વરસનો ઈતિહાસ કહેજે. જોઉં છું તારી પાસે કેટલું છે અને મારી પાસે કેટલું છે. બારોટ / ચારણ એટલે દેવી પુતર ક્યારેય અસત્ય ન ઉચારે. એમની વાણીમાં જોશ હતો. મને બેસાડીને વાત માંડી.

''આજથી ૪૦૦-૫૦૦ વરસ પહેલા મુસ્લીમોની વાટાળ પ્રવૃતિએ ખૂબ જ જોર પકડેલ. જબરજસ્તીથી લોકોને મુસ્લીમ બનાવતા હતા. સામાન્ય માનવી તો શું, રાજા મહારાજાઓ પણ તેમની સામે ઝુકવા મંડી ગયા હતા. પોતાનું રાજ ટકી રહે તે માટે પોતાની બહેન-દીકરીઓને મુગલો/મુસ્લીમ શાસકોને પરણાવવા મંડી ગયા. જયપુરના રાજા માનસિંહે પોતાની બહેન જોધાબાઈને અકબર સાથે પરણાવી. આવા કપરા સમયે પણ તમારી જ્ઞાતિ આવા તત્ત્વો સામે ઝુકી નહીં અને સામનો કરવાનું પસંદ કર્યું અને જ્યાં સામનો કરવો શક્ય ન હોય ત્યાં ઝુકવાને બદલે, શરણાગતિ સ્વીકારવાને બદલે અન્ય સ્થળે જવા ઉચાળા ભર્યા. રાજસત્તાના હાથ ખૂબ જ લાંબા હોય એટલે પકડી પાડે એટલે અંતરિયાળ પ્રદેશમાં નાસી ગયા. સીંધમાં પણ મુસલમાનોની કનડગત વધતા ઝુકવાને બદલે અમાસની અંધારી રાત જેટલી ગાડામાં લઈ શકાય તેટલી ઘરવખરી લઈ, ઘરમાં રાત્રે જલતા કોડિયા રાખી જેથી લોકોને શંકા ન પડે તે રીતે એક જ રાત્રિમાં કચ્છનું બાર ગાઉનું રણ વીંધી કચ્છમાં આવ્યા. મુસલીમોના ભયથી અને પોતાનો ધર્મ ટકાવી રાખવા રાજસત્તા હેરાન ન કરે એટલે અંતરિયાળ વિસ્તાર પસંદ કર્યો. જો મારે એક જ શબ્દમાં કહેવું હોય તો (પોતાના નાક પર આંગળી રાખી બોલ્યા) જો આના માટે આવો દુર્ગમ પ્રદેશ પસંદ કર્યો કે તેનો કોઈ પીછો ન કરે!!

તને હજુ એક વાત કહું '' વિજ્ઞાન એમ કરે છે કે ક્રોસ બ્રીડીંગથી સંતતિ ઉત્પન્ન કરો તો તે ઉત્તમ, સ્વસ્થ અને વધારે બુધ્ધીશાળી નીવડે. હિમાલયના સાંઢ અને ગીરની ગાયથી સંવર્ધન થાય તો ઓલાદ ખૂબ જ ઉચ્ચ કક્ષાની થાય. આ વાત વિજ્ઞાન કહે છે પરંતુ મારે તને કહેવું છે કે આજથી ૫૦-૬૦ વરસ

પહેલા તમારી જ્ઞાતિમાં લોહીની ૧૦૦ ટકા સમાચારી હતી. તમારી જ્ઞાતિમાં જ લગ્નો થતા અને એટલે તમારા લોહી સંપૂર્ણ શુધ્ધ હતા. આવા લોહીમાં સંબંધથી વિજ્ઞાનના કહેવા મુજબ નબળી પ્રજા પાકવી જોઈએ તો ૫૦ વરસમાં મુંબઈના વેપારને સર કરનારી પ્રજા કેવી રીતે પાકી ? જગત જ્યારે આજુબાજુના વિસ્તારમાં વેપાર કરતું ત્યારે આજથી ૨૦૦ વરસ પહેલાં તમારી જ્ઞાતિનો વેલજી માલુ લોડાયા - કોઠારાવાળો સાતસમંદર ખેડી અનેક સફરો ખેડી આવ્યો અને મુંબઈનાં પાંચ ધનવાનોમાં અંકાયો. તમારો કેશવજી નાયક ૭૦૦૦ પ્રતિમાની અંજનશલાકા કરાવી મુંબઈનાં ગવર્નર અને ભારતનાં વાઈસરોય સાથે બેસવાનું માન પામી શક્યો. મજૂરોને પાણી પાઈ પેટભરનાર નરસીયો તમારી જ્ઞાતિનો શિરોમણી બની ગયો. ઝારાના યુધ્ધમાં કચ્છ મા ભોમની રજા કાજે તમારા હરધોરશાહ દંડ જ અઈડાબાબા તરીકે પૂજાય છે તેમણે શહાદત વ્હોરી છે તો શરણે આવેલાને રક્ષણ ખાતર જામનગર રાજવીએ અકબર સેના સામે સં. ૧૬૪૭ માં ભૂચરમોહી સમરંગણમાં યુધ્ધ કર્યું ત્યારે બોરીચા કુટુંબના ભીમાણી શહીદ થયા. તમારા કાયાણીએ કચ્છી રાજવીને ખબર પડે તે માટે કડક ભાષામાં રૈયતના પ્રશ્નોને વાચા આપી અને કચ્છના રાજવીનો કચ્છમાં આવવાનો મનાઈ હુકમ સ્વીકારેલો છે. આ બધાની વાત માંડુ તો દિવસો નીકળી જાય. હું મારી વાત વાણિયા બોરા ડાહ્યાને વળગી રહું છું. હવે તું મને કહે છેલ્લા ૫૦-૬૦ વરસમાં તમે શું મેળવ્યું?'' ત્યારે મને ભટારાજા ઉપર ઘણું માન ઉપજ્યું અને આપણી જ્ઞાતિનું ગૌરવ સમજાયું. કાશ ! આવી વીરલ વ્યક્તિ પાસેથી વધારે મેળવી લીધું હોત તો ! વર્તમાન બારોટ વહીવંચા કોમના તેઓ છેલ્લા વિરલ વિભૂતિ હતા. જેમનું ૯૭ વરસની ઉંમરે ગત વર્ષે અવસાન થયું.

એમણે પોતાની વહીઓમાંથી થોડી નોંધો મને આપી તે અત્રે રજૂ કરૂ છું.

**નોંધ ૧ :** સવંત ૧૯૫૧ ના ભાદરવા સુદ ૩ ના વરાડિયાના દાગા (મારૂ) નરશી માવાણીની ભારજા લીલબાઈ રામ સરણ થયા વાસે ભાઈ રામઈયે ભોજાય વાસે ખરચ કીધો. ચોખરો કીધો ગામ સાંયરા, કોઠારા, સાંધવ તથા વરાડીયા ગામ ચાર જમાડ્યા. જમવા મીઠાંઈ તથા લાડુનું કીધું. સરવે મીઠાઈ મણ ૨૦૦ બેઠી તથા થારીયુંની લાણ કીધી ગામ વરાડીયામાં.

**નોંધ ૨ :** વિક્રમ સવંત ૧૯૭૫ ના વૈશાખ વદ ૧૧ ને રવિવારના શ્રી કચ્છ દેશમાં વરાડીયા ગામના રહેવાસી દશા ઓસવાલ ડાઘાં ગોત્રના શા. ગેલાભાઈ તથા દેવજી માણેકે શ્રી પાલીતાણા - સીધ્ધગીરીના તલાટીમાં બાબુ ધનપતસિંહની ટુંક મધે મુળ નાયક શ્રી શીતલનાથજી તથા આજુ બાજુમાં શ્રી આદીનાથજી તથા નેમીનાથજીની પ્રતિમાઓ પધરાવી છે તથા એજ દેરીની આગળ આરસપાણ ની દેરીમાં શ્રી વીધીપક્ષ અચલગચ્છાધીપતી ધીરાજ યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસુરીશ્વરજીની પ્રતિમા શા. ગેલાભાઈ માણેકની વીધવા બાઈ લીલબાઈએ સ્થાપી છે. અચલગચ્છના મુની મંડલના અગ્રેસર મુનીશ્રી ૧૦૦૮ શ્રી ગૌતમસાગરજીના ઉપદેશથી ધર્મકાર્ય કીધા.

**નોંધ ૩ :** સવંત ૧૯૬૦ ના શ્રાવણ સુદ ૫ ના કચ્છ દેશે વરાડીયા ગામે શ્રી દેરાસરની પ્રતિષ્ઠા થઈ ત્યારે શા. ગેલા માણેકે ગામને સ્વામી વાત્સલ્યનુ ખરચ કીધું. તથા જર્મન સીલ્વરના કરશીયાની લાણી કીધી, ગામના મહાજન તથા સગાવાલાઓને ઘરદીઠ ૧ કરસીયો દીધો. ગામના મહાજનને ડબલ લાણી દીધી. સવંત ૧૯૬૧ ના શ્રાવણ માસે મુંબઈમાં પોતાના દશા ઓસવાલમાં કરસીયાની લાણી કીધી. સર્વે કરસીયા ૧૮૦૦ પોતાની નાતમા તથા ઓળખાણ પીછાણમાં કરસીયા ૧૫૦ વાંટ્યા તથા બરફી પુરી ભજીયાનું જમણ કીધું. સવંત ૧૯૬૨માં શ્રાવણ માસે દેશ હાલારમાં પોતાની નાતમાં જર્મન સીલ્વરના ઘર દીઠ ૧ કરસીયા દીધા સર્વે નંગ ૧૮૫ દીધા.

**નોંધ ૪ :** સવંત ૧૯૫૨ માં ચૈત્ર તથા વૈશાખ માસે દેશ કચ્છમાં ૨૨ ગામમાં જર્મન સીલ્વર ના કરશીયાની લાણી કીધી. સર્વે કરસીયા કચ્છ / હાલાર / મુંબઈના મળી ૪૪૩૫ વાંટ્યા તથા સાકર સેર ૧ ઘરદીઠ દીધી. સવંત ૧૯૬૩ ના શ્રાવણ સુદ ૭ ના પોતાના વઈવંચા ભટ મેગજી વેરસલને કોરી ૨૫ તથા પેરામણી તથા જર્મન સીલ્વરનો કરસીયો તથા સાકર સેર બે દીધી વરાડીયા ગામના ચોકે.

**નોંધ ૫ :** સવંત ૧૯૨૦ ના વઈશાખ સુદ ૩ ના કચ્છ દેશમાં વરાડીયા ગામમાં ડાઘા ગોત્રના શા. હેમરાજ વેલજી તથા શવજી વેલજી તથા દેવજી વેલજીએ આ ત્રણે ભાયુએ સદાવ્રત બાંધ્યું છે. લોટ શેર બે તથા દાળ શેર ના (અરધો) તથા છુટી કોરી ૧ એ રીતે ગમે તે ભીક્ષુક આવે એને સદાવ્રત આપે. સવંત ૧૯૧૮ ના ફાગણ સુદ ૭ ના વાવ ખણાવી છે. પરબ બાંધ્યા છે. ગામથી દક્ષિણે ગામ સાંધાણ તથા ગામ કોઠારાના માર્ગે વાવ ખણાવી ધર્મનો કામ કીધો છે. વહીવંચા વેરસલ કચરાને કોરી ૧૦૦ રોકડી તથા પેરામણી દીધી છે.

**નોંધ ૬ :** સવંત ૧૯૫૧ ના આસો સુદ ૧૫ નાં શા. દેવજી વીસરાણીની ભારજા નેણબાઈએ નવપદની ઓળી ઉજવીને ગામ વરાડીયામાં નવ દિવસ સુધી જમણ કીધું. દૂધપાક - પુરી તથા બરફી-પુરી તથા ફરફરતી મીઠાઈઓનું જમણ કીધું અને પીતળનાં વાટકાની લાણી કીધી. ઘરદીઠ એક વાટકો ગામમાં તથા સગા સબંધીઓને વાંટ્યા. સાથે દેવજી વેલજી અને દેવજી વીસરાણીએ મળીને ધર્મના કામ કીધા. વહીવંચા ભટ મેગજી વેરસલને દાન દીધું ગામ વરાડીયાના ચોકે.

**નોંધ ૭ :** સવંત ૧૯૭૫ ના વૈશાખ વદ ૧૧ ને રવિવારે શ્રી કચ્છ દેશ ગામ વરાડીયાના ડાઘા ગોત્રના શા. ઘેલાભાઈ માણેકની વીધવા લીલબાઈએ શ્રી સીધ્ધગીરી તલાટી ઉપર બાબુ ધનપતિસિંહની ટૂંકમાં શ્રી સુધર્માસ્વામી થી ૬૪મી પાટે શ્રી વીધીપક્ષ ગછના ધીરાજ યુગ પ્રધાન દાદા શ્રી ૧૦૦૮ શ્રી કલ્યાણસાગર સુરીશ્વરજીની પ્રતિમા શ્રી અચલગચ્છ મુનીમંડલ અગ્રેસર મુની ૧૦૦૮ શ્રી ગૌતમસાગર સુરીશ્વરજીના ઉપદેશે ધર્મકાર્ય કીધા.

- ક્રમશઃ

# 5 Star

Caterers & Decorators

# BANQUET HALL at VASHI

## A. C. & NON A. C. ONLY VEG

Ambedkar Bhavan, Near Gajanan Maharaj Mandir,
Plot No. 62A, Sector No.29, Above South Indian Bank,
Vashi, Navi Mumbai.

## BOOKING STARTED

**BOOK HALL AT DISCOUNT RATE**

**FOR EVENTS LIKE**

- Marriage
- Reception
- Party
- Birthday
- Ring Ceremony
- Sangeet Sandhya
- Dandiya & Garba
- Pooja & Poojan
- Corporate Meetings
- Get Together
- DJ Party
- Conference
- Exhibition
- Seminars

**And many more with reasonable rate in food.....**



**CAPACITY FOR 50 TO 750 PERSONS** \ **WITH AMPLE CAR PARKING SPACE....**

**FOR MORE DETIALS CONTACT**

| | | | | |
|---|---|---|---|---|
| Manoj Lodaya | Pankaj Poladia | Kamlesh Maisheri | Paresh Goshar | Hitesh Maisheri |
| 98330 39980 | 80800 31199 | 93227 27088 | 98337 32524 | 93201 70793 |

**VISIT ONCES AND FEEL THE EXPERIENCE**

# સદીથી ઊજવાતા નારી દિનની સાર્થકતા ક્યારે ?

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીની શરૂઆત ૧૯૧૧થી કરવામાં આવેલી. એટલે કે એક્સો છ વરસથી દુનિયા આ નારી દિન ઉજવે છે ! એમ છતાં આજેય સ્ત્રીઓ સમાજના નરાધમોની ગંદી માનસિકતા અને શારીરિક – શાબ્દિક હિંસાનો ભોગ બની રહી છે. અને માત્ર ભારતમાં જ નહીં, દુનિયાના લગભગ બધા જ દેશોમાં બનતી રહી છે !



વનિતા વિશ્વ

અલબત્ત, આની સાથે સાથે સ્ત્રી–અધિકારો અને સમાનતાની ચળવળ પણ ચાલુ જ છે. સ્ત્રીલક્ષી કાયદાઓની જોગવાઈઓથી આ સ્ત્રીઓ વાકેફ છે અને તેના લાભ પણ લે છે. પરંતુ આ બધાના ફળ કે લાભ બહુ નાના વર્ગ સુધી જ પહોંચ્યા છે. દેશનો એક વિશાળ મહિલા વર્ગ આજે પણ દબાઈ–શોષાઈને રહી જાય છે.

શિક્ષણ, વિકાસ કે સશક્તિકરણની વાત કરતા આપણે, અને આજેય આપણા સમાજમાં બાળલગ્નો ચાલુ જ છે. છેલ્લી વસ્તીગણતરી ૨૦૧૧ના આંકડા આવ્યા છે. એ વખતે દેશમાં પંદર વરસથી નીચેની અઢાર લાખ પરીણિતાઓ હતી ! તેમાંથી સાડાચાર લાખ છોકરાઓ તો માં બની ગયેલી !

તેમાંથી ત્રણ લાખ છોકરીઓ બે બાળકોની માં બની ગયેલી ! પંદર વરસથી ઓછી ઉંમરની માતાની કુખે પોણાઆઠ લાખથી પણ વધુ બાળકો જન્મેલાં. તેમાંથી છપ્પન હજાર બાળકો મૃત્યુ પામ્યાં હતાં આમ પંદર વરસની છોકરી પત્નીત્વ, માતૃત્વ અને બાળમૃત્યુનો આઘાત–એ ત્રણેમાંથી પસાર થઈ ચૂકી હતી !

આજે આ ૨૦૧૬ની સાલમાં પણ દેશની લાખો સ્ત્રીઓને લઘુશંકા કે કુદરતી હાજત જેવી ક્રિયાઓ માટે યોગ્ય વ્યવસ્થા નથી. આજે પણ વાહિયાત રીત–રિવાજો અને સમાજની કહેવાતી મર્યાદાને છોડીને ચીલો ચાતરવાની હિંમત કરનારને સમાજના બહિષ્કાર ને ઓનર કિલિંગ્સનો શિકાર બનવું પડે છે.

એક તરફ આ હાલત છે, તો બીજી તરફ સ્ત્રી–વિકાસ અને સશક્તિકરણનું એક ફુલગુલાબી ચિત્ર પણ વાસ્તવિકતા છે ! સ્ત્રીઓને બિઝનેસ સહિત પ્રત્યેક મોરચે સમાન પ્રતિનિધિત્વની તક મળી રહી છે. અવકાશ હો કે ટેક્નોલોજી, સિવિલ હો કે મિલિટરી ક્ષેત્રે સ્ત્રીઓનું પ્રદાન ટોચનું બનતું જાય છે. મુઠ્ઠીભર સ્ત્રીઓ કદાચ એવી નસીબદાર છે જેને પરિવાર, વ્યવસાય, સમાજ, સિસ્ટમ કે સ્ટેટ–કોઈનીય સામે ફરિયાદ નહીં હોય.

બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રી–સમાનતાની ચળવળો કે નારી–દિનની ઉજવણીઓના લાભ એક અતિ અલ્પ વર્ગ સુધી પહોંચ્યા છે અને એ વર્ગને તેણે સમૃદ્ધ બનાવ્યો છે. પરંતુ એક મોટો, અતિ મોટો વર્ગ એનાથી વંચિત રહેતો આવ્યો છે અને આજે પણ રહ્યો છે.

**ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની થીમ હતી 'મેક ઈટ હેપન' યાને કે કરી બતાવો. તો ચાલો એવું કંઈક કરી બતાવીએ કે એ વિશાળ વર્ગની સ્ત્રીઓ નિર્ભયતાથી, સલીમતીપૂર્વકનું, પોતાની રુચિ અનુસારનું શોષણરહિત જીવન જીવ શકે. આ થશે ત્યારે આ વીમેન એમ્પાવરમેન્ટના સ્લોગન્સ અને સેમિનારો સફળ થયા ગણાશે. સદીથી ઉજવાતો નારી દિન સાર્થક થયો ગણાશે.**

### કચ્છમાં દારૂ –જુગાર અંગે ફરિયાદ માટે હેલ્પલાઈન

પરિશ્રમ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા દારૂ–જુગાર અંગેની માહિતિ આપવા માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેના નંબર ૦૯૯૭૯૯૨૩૪૫૦ છે. માહિતી આપનારનું નામ ખાનગી રાખવામાં આવશે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જ્ઞાતિની નારી શક્તિને વંદવા નારી તું નારાયણી કાર્યક્રમનું આયોજન કરવા બદલ મુંબઈ મહાજનશ્રીની અનુમોદના.
આ કાર્યક્રમમાં સન્માનિત થયેલ દરેક કારી પ્રતિભાને હૃદયપૂર્વકના અભિનંદન...
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ




# શ્રધ્ધા સુમન



## સ્વ. સુંદરબાઈ ઝવેરચંદ છેડા તેરા

જન્મ : તા. ૦૮/૧૦/૧૯૩૫
અરિહંત શરણ : તા. ૦૮/૦૩/૨૦૧૫

**મા તમારી વિદાયને**
**એક વર્ષ વીતી ગયું**
**છતાં આપની યાદ**
**હરપળ, હરક્ષણ આવે છે....**

**આપને**
**હરપળ**
**યાદ કરતાં......**

પુત્રી - જમાઈ :
**મીતા (નિર્મલા)**
**મહેશ લોડાયા**

પુત્ર વધુ - પુત્ર :
**સ્વ. પ્રતાપ ઝવેરચંદ છેડા**
**ધનલક્ષ્મી નરેન્દ્ર છેડા**

દોહિત્ર વધુ - દોહિત્ર :
**અલ્પા નૈમેશ લોડાયા**

પૌત્રા વધુ - પૌત્ર :
**વર્ષા કિરણ છેડા**
**રાહુલ નરેન્દ્ર છેડા**

દોહિત્રી - દોહિત્રા જમાઈ :
**નેહા (ભવ્યા) અમિત**
**જીવાણી** (જખૌ - રાયપુર)

પર દોહિત્રીઓ :
**ધ્રુવી કિરણ છેડા**
**ધ્રુવાંશી કિરણ છેડા**

પર દોહિત્ર :
**મોક્ષ અમિત જીવાણી**
**સોહમ નૈમેશ લોડાયા**

પિયર પક્ષે :
**વિશનજી રતનશી**
**ધરમશી પરિવાર**


Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Raichand R.Nagda, 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 2. Periodicity of publication | : | Weekly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers, 314, Mathurdas Mill Compound, N.M.Joshi Marg, Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 5. Editor's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 6. Name & Address of Owner | : | C.D.O.PRAKASH SAMIKSHA SAMITI C/o. Raichand R.Nagda,13-A, 29/41,Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |

I, Raichand R.Nagda, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 09-03-2016

sd/-

Raichand R.Nagda.

Signature of Publisher

# દિવ્ય આત્માને શ્રદ્ધાસુમન



**શ્રી મોરારજી પદમશી પોલડીયા** (ગોઅરસમા - જલગામ)

આગમન : ૨૧ ઑક્ટોબર, ૧૯૨૭ ● ચિર વિદાય : ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૬

**● આપ જીવ્યા અનુકરણીય જીવન, આપની સ્મૃતિને સૌ કરે વંદન. ●**

- જૈન યુવક મંડળ - જલગામના સંસ્થાપક
- જલગામ સંઘ - કચ્છી દશા/વિશા જૈન મહાજનના ભૂપૂ પ્રમુખ
- જલગામ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં કચ્છી જૈન ટ્રસ્ટી
- શ્રી ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમના અગ્રણી કાર્યકર્તા
- પ્રખર વક્તા, પ્રખર પ્રવાસી, ચામર નૃત્યકાર
- બેંક ઑફ બડોદામાં અધિકારી પદે દીર્ઘ સેવા
- ઑલ ઇંડિયા બેંક ઍમ્પ્લાઈઝ યુનિયનના આગેવાન પ્રેસીડેન્ડ પણ થયા.
- પ્રકાશ સમીક્ષાના જલગામ પ્રતિનિધી

**ભાગ્યશાળી અમ કુટુંબીઓ જ પામ્યા તમારી છત્ર છાયા**
**સ્વાવલંબી, દુરદર્શિતા, પ્રામાણિકતા અપાર છે**
**આપશ્રીની. વૃક્ષ તમે, છોડ અમે આપશ્રીની છત્ર છાયામાં શિતળતા પામી,**
**અમારા ભાવીને ઉજવળ બનાવવા કેળવણીમાં જેણે ન રાખી ખામી**
**સર્વે સંજોગોમાં ધૈર્ય રાખી, આપ્યા ઉચ્ચસંસ્કાર,**
**પ્રામાણિકતા, સ્વાવલંબનના પાઠ ભણાવી કર્યા સર્વ કોડ સાકાર.**
**ધર્મ પોતાના જીવનમાં ઢાળીને અંત સુધી ધર્મમય જીવન જીવી ગયા !**

**માતા પિતા** : માતુશ્રી દેવકાભાઈ પદમશી હંસરાજ સમસ્ત પોલડીયા પરિવાર (જલગામ)
**ધર્મ પત્ની** : સૌ. ચંદનબાઈ મોરારજીની પ્રેમસ્મૃતિ
**પુત્ર-પુત્રવધુ** : સૌ. નિશા લહેરચંદ પોલડીયા (જલગામ)
**દિકરી જમાઈ** : સૌ મિના ડાયાભાઈ લોડાયા (નાંદેડ) સૌ. નિલમ સોમચંદ ધુલ્લા (જૈન) (અંધેરી)
શ્રીમતિ વર્ષા વિનોદ ધુલ્લા (મુલુન્ડ) સૌ. તિલોત્તમા મહેન્દ્ર મુનવર (ઘાટકોપર)
સૌ. દિવ્યા દિલીપ શાહ (દંડ) (મુલુન્ડ)
**પૌત્ર-પૌત્રી** સૌ. ભાવિની યોગજ દંડ,
**પૌત્રવધુ-પૌત્ર જમાઈ** : સૌ. સ્વાતિ લીખેશ લોડાયા,ચિ. હિમાંશુ, ચિ. ભાવિન.
**દોહીત્રા, દોહીત્રી**
**દોહીત્રી વધુ, દોહીત્રા જમાઈ** : સૌ. અવંતી અંકુશ ખોના, સૌ. વિનલ ગૌતમ નાગડા, કૌશિક દર્શિકા લોડાયા,
અમિત સ્નેહા ધુલ્લા, ચિ. ચિરાગ, ચિ. મયુર, બેલા ધુલ્લા, ચિ. હર્ષલ,
ચિ. નિમેલિ, ચિ. મિલોની, ચિ. અમન શાહ.
ના લાડીલા નાનાશ્રીને અશ્રૂભરી શ્રદ્ધાંજલી.
**પર પૌત્ર-પર દોહીત્રા** : ચિ. મનન, ચિ. અમિતી, ચિ. પ્રિશા, ચિ. સ્તુતિ, ચિ. સોનિકા, ચિ. નિવ્હા,
ચિ. આરવ. ચિ. તોપન, ચિ વિનિશા પરદાદા / નાનાને નત મસ્તક નમન્
**સાસુ સસરા** : માતુશ્રી મુરબાઈ (માનબાઈ) ભવાનજી કાનજી દંડ (શિરપુર)
**સાળાવેળી - સાળા** : પૂ. સાધ્વી શ્રીકલ્પરત્નાશ્રીજી (સંસારી પુર્ણિમા) જીતેન્દ્ર ભવાનજી દંડ (શિરપુર)

## શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ : પંદરમો નિઃશુલ્ક નિદાન કેમ્પ

છેલ્લા ૪૦મા પાનાથી ચાલુ

ચશ્માના નંબર કઢાવવા માટે ૧૯૪ નામ નોંધવામાં આવેલ છે. જેઓના નલીયામાં આંખના નંબર કાઢીને તેઓને મફત ચશ્મા આપવામાં આવશે. આ પ્રમાણે આંખના મોતિયાના ઓપરેશન માટે ૩૩ નામો નોંધવામાં આવેલ છે. તેઓના શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ, ભોજાય ખાતે આંખના મોતિયાના ઓપરેશન કરી આપવામાં આવશે જેનો બધો ખર્ચ ટ્રસ્ટ દ્વારા ભોગવવામાં આવશે.

જનરલ મોટા ઓપરેશનમાં કુલે ૨૪ દર્દીઓના નામ નોંધાયેલ હતા. તેઓને આર્યન ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ, માંડવી (કચ્છ) મધે ઓપરેશન પણ ટ્રસ્ટ દ્વારા કરાવી આપવામાં આવશે.

આ નિદાન કેમ્પમાં મુખ્યત્વે ચશ્માની ફ્રેમોનું અનુદાન શ્રી કાંતીલાલ સુખલાલ શાહ પરિવાર, ઘાટકોપર, મુંબઈ તરફથી દર્દીઓ માટે કેમ્પ દરમ્યાન આપવામાં આવતા બિસ્કીટ માટેનું અનુદાન શ્રી લક્ષ્મીચંદ વસનજી ખોના પરિવાર, ચેમ્બુર, મુંબઈ તરફથી અને આ નિદાન કેમ્પ માટેની બધી સ્ટેશનરી શ્રીમતી નયનાબેન કેતનભાઈ મહેતા પરિવાર, તિલકનગર, મુંબઈ તરફથી મળેલ હતી. શ્રી રવજીભાઈ કરસનભાઈ હાલાઈ, લંડન, યુ.કે. વાળા તરફથી કેમ્પ માટેની ખાદ્ય સામ્રગીની સહાય મળેલ હતી.

આ નિદાન કેમ્પ દરમ્યાન ડોક્ટરોએ દર્દીઓને નિદાન કર્યા બાદ અને પછી તેમની સલાહ સુચન મુજબ દર્દીઓને પુરા કોર્સની દવાઓ વિના મુલ્યે આપવામાં આવેલ હતી. નિદાન કેમ્પના સ્થળે દર્દીઓને ચા-નાસ્તો આપવામાં આવેલ હતો.

નિદાન કેમ્પ માટે હંમેશ મુજબ નલીયા (કચ્છ)ના સ્થાનિક મંડળ ''શ્રી રામદેવ યુવક મંડળ'' દરજી સમાજના યુવકોએ સુંદર વ્યવસ્થા સંભાળેલ હતી. આ વખતે સ્થાનિક જ્ઞાતિભાઈઓ તથા કાર્યકરમાં શ્રી હીરાચંદભાઈ શાહ, શ્રી સોમચંદ મોતા, શ્રી લખમશીભાઈ મોતા, શ્રી કિરણભાઈ મોતા, બેન જયાબેન પીર, શ્રીમતી સુશીલાબેન નાગડા વગેરેએ સારી એવી સેવા આપેલ હતી. આ નિદાન કેમ્પ માટે ખાસ મુંબઈ તથા અન્ય ગામોથી પધારેલ મહાનુભાવોમાં શ્રીમતી વિમલાબેન ખોના, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રીમતી કલ્પનાબેન મોમાયા, શ્રીમતી વર્ષાબેન નાગડા, શ્રીમતી ચારૂબેન શાહ, શ્રી રોનક નાગડા, કોકીલાબેન ખોના, શ્રી કેતનભાઈ ખોના વગેરેએ આ નિદાન કેમ્પને સફળ બનાવવામાં ખુબ જ જહેમત ઉઠાવેલ હતી.

મુંબઈથી ખાસ પધારેલ કાર્યકરોમાં શ્રી અનિલભાઈ ખોના, શ્રી કેતનભાઈ મહેતા, શ્રીમતી નયનાબેન મહેતા, શ્રીમતી વીણાબેન નાગડા, શ્રીમતી જીજ્ઞાબેન છેડા, બેન જાન્હવી મહેતા, બેન ગાયત્રી છેડા તથા ભુજથી શ્રી જયેશભાઈ મહેતા અને નલિયાના શ્રી કિશન નિઝાર વગેરેએ દર્દીઓની અપાતી દવાનું સુંદર અને વ્યવસ્થિત રીતે વિતરણ કરેલ હતું.

ટ્રસ્ટના નલિયા કાર્યાલયના મેનેજર શ્રી પવનકુમાર સાયલા, શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડના નલિયા દેરાસરના મેનેજર શ્રી ચંદ્રકાન્તભાઈ ખત્રી તથા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલિયાના નલિયા ખાતેના મેનેજર શ્રી દિલીપભાઈ પટેલ એ નિદાન કેમ્પ દરમ્યાન ખાસ સેવા આપેલ હતી.

આ નિદાન કેમ્પ દરમ્યાન કચ્છ મોભી એવા મહાનુભાવોમાં શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ભાઈલાલભાઈ ગાલા, સ્થાનિકમાં શ્રી રતનશીભાઈ સોનાગેલા, શ્રી મહેન્દ્રભાઈ સોનાગેલા, શ્રી નરેન્દ્રભાઈ મડીયાર અને શ્રી અબ્દુલભાઈ મેમણ હાજર રહેલ હતા.

આ નિદાન કેમ્પની સફળતા માટે ટ્રસ્ટના ટ્રસ્ટીઓમાં શ્રી વિજય વર્ધમાન ખોના, શ્રી ચીમનલાલ હીરજી ખોના, શ્રી નરેન્દ્રભાઈ ભવાનજી દંડ, શ્રી ચેતન માણેકચંદ્ર ખોના, શ્રી ધનજીભાઈ લાલજી ખોના, શ્રી મયંકભાઈ મોમાયા અને શ્રી રૂપમભાઈ શાહ બે દિવસ પહેલા નલિયા - કચ્છ મધે આવી ગયેલ હતાં અને નિદાન કેમ્પનું સંદર આયોજન અને સંચાલન કરેલ હતું.

આ નિઃશુલ્ક નિદાન કેમ્પને સારો પ્રતિભાવ મળેલ હતો. દર્દીઓની સંખ્યા પણ ધાર્યા કરતા વધારે થયેલ હતી. આ નિદાન કેમ્પ સફળતા પુર્વક પાર પડેલ હતો.

**વિજય વર્ધમાન ખોના, ટ્રસ્ટી,**
**શ્રી ક.દ.ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ**
**ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ**


આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી



**સલીમ ભાઈ ઢોલી**



મો.: 093247 96076 / 093211 31232

સંપર્ક : મહાવીર સ્પોર્ટસ, એમ.જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.





**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## વર્ષોના ઈતિહાસમાં અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીના સુવર્ણ વર્ષીતપ નિમિતે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર બિરાજમાન પરમાત્માઓના શુદ્ધિકારક ૧૮ અભિષેક

પાલિતાણા તીર્થે અલગચ્છધિપતિ પ.પૂ. જૈનાચાર્ય શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વર્ષીતપના શુભારંભ નીમીત્તે શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના આદેશથી ગિરિરાજ ઉપર બિરાજમાન આદીશ્વરજી જિનબિંબ સહ પ્રાય ૨૭૦૦૦ જેટલા જિનબિંબોના ૧૮ અભિષેક કરાવવોના લાભ સંપ્રાપ્ત થયો છે.

આ કાર્યક્રમ અનુસંધાને આગામી તા. ૩૦-૩૧ માર્ચ તથા તા. ૧ એપ્રિલ સુધી મહોત્સવ ઉજવાશે. તા. ૨૯ માર્ચના ખાસ મુંબઈથી શ્રી ગુણોદય સુવર્ણ વર્ષીતપ સ્પેશીયલ ટ્રેનનું પ્રયાણ થશે. ૨૪ બોગીની ટ્રેનમાં અલગ અલગ ૨૪ સંઘો-મહાજનો તેમજ વ્યક્તિ પરિવારો જોડાયા છે. જેનું આયોજન જગવિખ્યાત શ્રી તન-મન ટુર્સ વાળા શ્રીમાન ચીમનભાઈ મોતાને સોંપવામાં આવેલ છે. આ શુભ અવસરે પાલિતાણા તીર્થે પધારતા અને બિરાજમાન સમગ્ર ગચ્છાધિપતિશ્રીઓ આચાર્યશ્રીઓ પદસ્થો એવં ચતુર્વિધ સંઘનું ભવ્ય સામૈયા સાથે નગર પ્રવેશ થશે. સ્વાગતયાત્રામાં અલગ અલગ તીર્થોની-નદીઓના-તેમજ પવિત્ર સ્થળોનાં પાણી કાવડ દ્વારા લાવવામાં આવશે. વિવિધ પ્રાંતોની બેન્ડ પાર્ટીઓ તથા બેનરો - કટાઉટ તથા આકર્ષણ ધાર્મિક કૃતિઓ અનેરૂઆકર્ષણ જમાવશે.

ગિરિરાજ ઉપર બિરાજમાન પરમાત્માઓના ૧૮ અભિષેક માટે વિવિધ પ્રકારની ઔષધિઓ દેશના વિવિધ સ્થળોએથી લાવવામાં આવશે. આ વિરાટ આયોજનને પહોંચી વળવા શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ શ્રી જય જિનાલય આરાધક મંડળ, શ્રી આર્ય રક્ષિત ધર્મરક્ષક જૈન સંઘ, વર્ધમાન સંસ્કૃતિ ધામ તેમજ વડોદરા-અમદાવાદ-જામનગર-ભાવનગર-રાજસ્થાન મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશ-આંધ્રપ્રદેશ-ગુજરાત વગેરે અન્ય સ્થળેથી ૧૫૦૦ થી વધુ વિધિકારો-સહાયકો તથા કાર્યકર ભાઈ-બહેનો જોડાશે.

પાલિતાણા ખાતે એ માટે વિરાટકાય વિશાળ સુંદર કલાત્મક-આકર્ષક ડોમ મંડપ વગેરેની રચના કરવામાં આવશે. ત્રિદિવસીય મહોત્સવ દરમ્યાન શ્રી સંઘની સાધર્મિક ભક્તિનું વિરાટ આયોજન ગોઠવાશે. આ સમગ્ર આયોજન શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના આદેશથી શ્રી ગુરૂગુણોદય સુવર્ણ વર્ષીતપ મહોત્સવ સમિતિના નામે ઉજવાશે.

આ આયોજન માટે પૂજ્યશ્રીના શિષ્યરત્નો ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી-મુનિ શ્રી રાજરત્નસાગરજી - પ્રિયંકરસાગરજી - ભાગ્યોદયસાગરજી આદિ માર્ગદર્શન આપી રહ્યા છે. આ પ્રસંગે ખાસ મુંબઈથી જૈનાચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ. આદિ પધારી રહ્યા છે.

પાલિતાણાના રાજમાર્ગ ઉપર ગિરિરાજના ૧૦૮ નામ યુક્ત કમાનો પ્રવેશ દ્વાર ખડા કરવામાં આવશે. બહોળી સંખ્યામાં પધારનારા ભક્તો માટે ઉતારાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા. ૩૧ માર્ચ ૨૦૧૬ ના શુભ મુહૂર્તે સુવર્ણ વર્ષીતપને અનુલક્ષીને જે આરાધકો વર્ષીતપમાં જોડાવાના છે, એમને પૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી નાણ સમક્ષ વર્ષીતપનું ઉચ્ચરાવણ કરાવાશે. તા. ૧ એપ્રિલના દિવસે સવારના નવ કલાકે તમામ જિનબિંબોના ગિરિરાજ ઉપર અભિષેક કરવામાં આવશે. સાંજે શ્રી ગુણોદય સુવર્ણ વર્ષીતપ ટ્રેનનું ચોવિહાર બાદ મુંબઈ તરફ પ્રયાણ થશે.


**શુભેચ્છાઓ સહ...**

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## કોઠારા સ્થાને નમતા મૈશેરી કુળ રખવાળી ચામુંડા માં ની આઠમી પહેડી

હર્ષોલ્લાસે જણાવવાનું કે મા ચામુંડાની પહેડી પ્રસાદનો લાભ અમને મળતાં આપ સૌને સાદર આમંત્રણ આપીએ છીએ. પહેડી વૈશાખ સુદ ૯ રવિવાર, તા. ૧૫-૫-૨૦૧૬ના સવારના ૯.૧૫થી બપોરના ૨.૦૦ સુધી શેઠશ્રી નરશીનાથા બેન્કવેટ હૉલ, ભાંડુપમાં છે.

**સૌ પરિવારજનો સહ નિયાણીઓ સહ પરિવારે પધારશોજી.**

ચાલુ વરસે પરિવારમાંથી કોઈએ વિશિષ્ટ સ્થાન સિદ્ધી કે પદ મેળવ્યું હોય. શ્રેષ્ઠ ક્રમાંકે પાસ થઈ ડીગ્રી ધારક થયા હો તો અમને લેખીતમાં આગોતરી જાણ કરશોજી.

સ્વાગતોત્સુક : પહેડી કમિટી સાથે

**શ્રી શીવજી લધા મૈશેરી** (કાકુ ભકાલી લાલા) ● **શ્રી ભરત નારાણજી મૈશેરી - જીગર - પિન્કી**

**દેવાંશી સહ પરિવારે** - 093239 53637, 093234567

સંપર્ક : **મુકેશ દામજી મૈશેરી** - 093239 49963,

**મહેશ રાઘવજી મૈશેરી** - 096992 81752 ● **લહેરચંદ વેલજી મૈશેરી** - 091464 65151

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## તેરા તીર્થની ૧૬૮મી વર્ષગાંઠ

તેરા તીર્થમાં વસંત પંચમીના શુભ દિને પૂ. સાધુ અને સાધ્વીજી પૂ. હંસાવલિશ્રી આદિ ઠાણા ૭ની નિશ્રામાં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર તથા શ્રી શામળિયા પાર્શ્વનાથ દેરાસરની સમગ્ર ધજાઓ ચડાવાનો કાર્યક્રમ પ્રભુજીના પક્ષાલ પૂજા, સ્નાત્ર મહોત્સવ, અને સત્તરભેદી પૂજા સાથે સંપન્ન થયો.

મૂળ નાયક શ્રી જીરાવલ્લા શ્રી પાર્શ્વનાથ દેરાસર શીખરની તથા અન્ય મળી ૭ ધજાનો લાભ માતુશ્રી જયવંતીબાઈ રતિલાલ મોતા કુવાપધર હસ્તે દેક્ષાબેન લાજેશ મોતાએ લીધો. મૂળનાયક શ્રી શામળીયા પાર્શ્વનાથ દેરાસર શીખરની તેમજ અન્ય મળી ૩ ધ્વજાઓનો લાભ માતુશ્રી મયુરીબેન કાંતિલાલ મોતાએ લીધો.

શ્રી સહસ્રકુટ જિન મંદિર શીખર ધ્વજા - ૧નો લાભ આણંદ પરિવાર હસ્તે માતુશ્રી નવલબેન બાબુભાઈ દંડએ લીધો. અન્ય દોરીઓની ધ્વજાઓના લાભો અન્ય પરિવારોએ ચઢતા ભાવે લીધા ઉપસ્થિતોને પ્રભાવના ઉપરાંત ઘર દીઠ ગોળ કી ૧ની વિશેષ પ્રભાવના થઈ. પાંજરાપોળના પશુઓને લીલોચારો અને જીવદયાની ટીપ કરવામાં આપી. સંઘનું સ્વામી વાત્સલ્ય શેઠશ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી તરફથી થયું.

## શ્રી અજિત સ્નાત્ર મહિલા મંડળ, હુબલી

શ્રી અજિત સ્નાત્ર મહિલા મંડળની સ્થાપનાને ૫૦ (પચાસ) વર્ષ પૂર્ણ થતાં. તેની ઉજવણી નિમિત્તે અજિતનાથ જિન મંદિરને એક ''ચંદન'' (કેસર) ઘસવાનું ઓટોમેટીક મશીન ભેટ તરીકે આપવામાં આવેલ છે. આ મશીનની સંપૂર્ણ ડીઝાઈન શા. કરમચંદ આણંદજી વિકમશી પરિવાર (મે. માઈક્રો ફીનીશ ગ્રુપ ઓફ કંપની પ્રા, હુબલી)એ તૈયાર કરી છે.

## શ્રી અજિત સ્નાત્ર મહિલા મંડળ, હુબલી નવી કમિટી

અજિતનાથ મહિલા મંડળ હુબલીની કમિટી મંડળની કમિટિની પૂર્ણ રચના કરવામાં આવી છે. (જાન્યુ. ૨૦૧૬ એ ચાર્જ લીધેલ છે.) પ્રમુખ : શ્રીમતી ધનલક્ષ્મીબેન અનિલ મોમાયા (સાંયરા), ઉ.પ્રમુખ શ્રીમતી પૂર્ણીમાબેન ગુલાબચંદ ખોના (નલીયા), સેક્રેટરી મધુરીબેન ગુલાબચંદ ખોના (નલીયા), જ. સેક્રેટરી શ્રીમતી લલીતાબેન હિરાચંદ દંડ (તેરા), ખજાનચી શ્રીમતી જ્યોતિ ખુશાલચંદ ધરમશી (છાદરા), જ. ખજાનચી શ્રીમતી ગીતા શાંતિલાલ મોમાયા (મોટી સિંધોડી), કમિટિએ નવા વર્ષની શુભ શરૂઆત શાંતિ સ્નાત્ર પૂજા ભણાવને કરેલ છે.

## સખીવૃન્દ પુના

સખીવૃન્દ પુનાની તારીખ ૨૦ ફેબ્રુવારીના વંદના મણીલાલ ધરમશીને ત્યા યોજાયેલ મિટિંગમાં ફૂલોનો ગુલદસ્તો આપવાની પરંપરાગત રીતને એક નવું સ્વરૂપ આપ્યું.

ડ્રેસ કોડ હવાઈયન થીમ આપેલ અને મિટિંગમાં આવેલ સર્વે સભ્યોનું સ્વાગત હાથેથી બનાવેલ ફ્લોરલ હેંડબેન્ડ પહેરાવીને કરેલ. સાથે સજ્જ બહેનો પોતાના ફોટા પાડી શકે એ હેતુ થી સરસ સેલ્ફી કોર્નર ઊભો કરીલ.

BOUQUET માટે જૂના કન્ટેનરસને વાઝ તરીકે ઉપયોગમાં લાવી શકીએ અને કેવી રીતે બેસ તૈયાર કરવો એ ખૂબજ વિસ્તાર પૂર્વક દર્શાવ્યું. DUPLEX પેપર, ટીનટેડ પેપરને વિવિધ પ્રકારથી ઘડી કરીને ટુલીપ્સ સાથે ૬ પ્રકારના સુંદર ફૂલ બનાવવાની રીત સમજાવી. કેવી રીતે જુદા પ્રકારના ફીલર્સની મદદ સાથે BOUQUET ની ખાલી જગ્યા ભરવી એનો ડેમો આપેલ. અનન્ય રીતે વિવિધ પદાર્થનું ઉપયોગ કરીને ૮ પ્રકારના BOUQUET શીખવાડ્યા - જેવા કે ૧-બટનના ફૂલ, ૨-ચૉકલેટ બાર, ૩-બાળકો ના મોજાથી, ૪-કાગળના વિવિધ ફૂલથી, ૫-કપ કેક થી, ૬-ફળ થી, ૭-ફેર્રેરો રોશેર ચોકલેટથી, ૮-ગ્રીટીંગ કાર્ડ BOUQUET આવી રીતે કોઈને ભેટ રૂપે, પ્રસંગ અનુરૂપ આવા ગુચ્છ ઓછી કીંમતે બનાવી આપી શકાય એની સરસ માહિતી પૂરી પાડી. ઝીણવટ પૂર્વક ક્રમપ્રમાણે ખૂબજ ધીરજથી માર્ગદર્શન આપ્યું.

વંદનાએ અકલ્પેલ સામગ્રીથી ખૂબજ કુનોહ પૂર્વક વિવિધ પ્રકારના ગુલદસ્તા બતાવ્યા. થીમને અનુરૂપ સુંદર સજાવટ કરેલ જેથી તેમની કલા કોશલ્ય નીખરી આવ્યા.

કિચન ક્વીનની કડીના ઈનામ વંદનાએ ઘોષિત કર્યા. જે


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

MOTA SHIPPING AGENCY

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

મુજબ ગ્રુપ A ના વિજેતા પ્રથમ કાનન જતિન ધરમશી અને બીજું ઈનામ કલ્પના દુષ્યંત લાપસિયા. ગ્રુપ B ના વિજેતા પ્રથમ જીવન નાગડા ને બીજું હીના દિપક શાહને આપવામાં આવ્યું.

**શ્રી પદ્‌મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી અને પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આર્શિવાદ અને માર્ગદર્શને શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ ચાલીસગામના દ્વારા દર બુધવારના ગરીબોને ભોજન કરાવવા કાયમીતિથી લખાવનાર દાતાઓ : શ્રી શાંતિનાથ જિનાલય પારોલા તીર્થ (સાર્ધશતાબ્દી મહોત્સવ સમીતી), રતનશી શીવજી ગડા, ભુપેશ હરીશ માલદે (શિરસી), ગુણવંતીબેન દિનેશ શહા (મુલુન્ડ), માતુશ્રી સૌ. રમાબેન ગોવિંદજી શાહ (નાંદગાવ-લાલા), કુંવરભાઈ આશારિયા લોડાયા (અંકલેશ્વર) હસ્તે લક્ષ્મીબેન ગુલાબચંદ શાહ, વિરચંદ શીવજી ખોના (હુબલી) હસ્તે લીલાબાઈ વીરચંદ ખોના, લીલાધર નરશી મોમાયા (માટુંગા),દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (ચાલીસગામ - જન્મદિવસ નિમિત્તે), વેલજી રાવજી પોલડિયા (લુણી), ભવાનજી શિવજી લોડાયા હસ્તે મધુરીબેન, માતુશ્રી ચંપાબેન લાલજી દેવજી મૈશેરી હસ્તે દિપક, કિરણ, લાલજી મૈશેરી (U.S.A.), ચંદુભાઈ જીવરાજ કાનજી લોડાયા (બીડ), માતુશ્રી સુમતી સોમચંદ દંડ (વડાલા), હિરજી જીવરાજ લોડાયા (કુમઠા) હસ્તે ભાગ્યલક્ષ્મીબેન ટોકરશી લોડાયા, દિપકભાઈ દામજી પોલડિયા (ભુસાવલ - જન્મદિવસ નિમિત્તે), દામજી મુલજી દંડ (વરાડિયા), કાંતીલાલ લખમશી ધુલ્લા (થાણા), પ્રેમકુંવરબાઈ ગોવિંદજી ધરમશી (વડાલા) હસ્તે ઉમરશી શામજી મેપાણી, પલ્લવી વીરચંદ શાહ (નાંદેડ - જખૌ) હસ્તે વિમલા વિરચંદ ચાંપશી શિયાડ, છગનલાલ વસનજી ભાટે (ધુલીયા)

**બાયઠ ધ્વજા મહોત્સવ**

પ.પૂ. સાધ્વીશ્રી જયપદમ ગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાની નિશ્રામાં બાયઠ મુકામે શ્રી મહાવીર સ્વામી જિનાલયે ૬૬મી ધ્વજાનો મહોત્સવ મહાસુદ ૧૦ને તા. ૧૭-૨-૧૬ના શ્રી રફીકભાઈના સંગીતના સથાવારે ઉજવાયો. ધ્વજા ચડાવવાનો આદેશ પૂ. માતુશ્રી લક્ષ્મીબાઈ તેજશી છેડા પરિવો લીધેલ. બે દિવસે સ્વામી વાત્સલ્યનો લાભ પણ આ પરિવારે લીધેલ. મુંબઈ તથા દેશાવર તથા સ્થાનિકે મળી લગભગ ૪૦ જણાની હાજરી હતી. સ્થાનિક ભાઈઓએ સારી સેવા બજાવેલ.

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૫-૦૩-૨૦૧૬ને શુક્રવારના સવાર ૧૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક કેમ્પ યોજેલ છે. રજીસ્ટ્રેશન ના રૂા. ૫૦ ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનનો છેલ્લી તારીખ ૨૨-૦૩-૨૦૧૬ છે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૬-૦૩ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યાસુધી તથા રવિવાર તા. ૨૭-૦૨-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦ ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**એકતા મહિલા મંડળ - ગાંધીધામ**

ક.દ.ઓ. એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા તા. ૨૬-૧-૨૦૧૬ મંગળવાર ના રોજ ફ્યુજન રેસીપીજ કુકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી મિનાબેન લાલકાએ આવકાર વિધી અને શ્રીમતી દિસીબેન ધરમશીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. જજ હતા નેહા વોરા અને સ્વાતી મહેતા. નેહા વોરાએ પોષક ખોરાક વિષયક સારી જાનકારી આપેલ. કલ્પનાબેન મોતા અને શિતલબેન મોતાએ ગેમ્સ રમાડી હતી.

વિજેતા : વાનગી સ્પર્ધા ૧) જ્યોતી નાગડા ૨) વૈશાલી શાહ ૩) બબીતા નાગડા. બોલ ગેમ્સ ૧) જલ્પાબેન ધરમશી ૨) નીતાબેન નાગડા, સરપ્રાઈઝ ડ્રેસીંગ ૧) પ્રિતી મોમાયા ૨) દિપાબેન દિપક લોડાયા, ભોજનચક્ર હાઉઝી ૧) હિનાબે લાલકા ૨) હિરલ લોડાયા ૩) કેતલ મોતા ૪) પ્રિતી મોમાયા. કાર્યક્રમના સફળ બનાવવા કમિટી મેમ્બરો ભાવિની દંડ, મૃદુલાબેન નાગડા, કાલવી લોડાયા, લિપિકા મૈશેરીએ જહેમત લીધી હતી.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જયંત પી. શાહ (શિયાલ)** | બી-૩૦૩, શ્રીરામ સૃષ્ટી એપાર્ટમેન્ટ, સુમંગલ સેવાશ્રમ રોડ, બેંગ્લોર-૫૬૦૦૩૨. મો.: ૯૫૯૧૧ ૫૫૭૬૧ ફોન: ૦૮૦-૨૩૪૩ ૯૪૦૭ |
| **જીતેન્દ્ર બાબુલાલ ધરમશી** | ૨૫ આનંદ વિહાર કો.હા.સો., ૪થે માળે, દીનદયાલ રોડ, આનંદ નગર, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૮૨૦૭ ૯૫૦૯૬ |
| **ચંદ્રેશ દિનેશ નાગડા** | ૧૫/૩૦૧, મોનાલીસા, મેગા મૉલ પાસે, મંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧. |
| **શીવજી એલ. શાહ** | ૮૬૨/૩એ, કેટીજે નગર, ૮મો ક્રૉસ, ૧લો મેઈન, વિદ્યાર્થી ભવન રોડ, દાવણગીરી-૫૭૭ ૦૦૨ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૯-૧૫ | ભાવનગર | હેમ, અમીબેન ગુલાબભાઈ શાહ - લાપસીયા | નલીયા | પુત્ર |
| ૧૮-૦૧-૧૬ | મુલુંડ | અવ્યન, જીગ્ના અર્પણ ધરમશી | સુથરી | પુત્ર |
| ૨૫-૦૧-૧૬ | ટેક્સાસ (યુએસએ) | અમાયરા, દેવી, મનીષ સોમચંદ દૌલત | સુથરી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૩-૧૬ | ઘાટકોપર | કુશલ સુરેશ પદમશી ધુલ્લા | સુથરી | ૨૯ |
| | મુલુંડ | મનાલી કિશોર સોમચંદ ખોના | સુથરી | ૨૫ |
| ૧૦-૦૩-૧૬ | ડોમ્બીવલી | આશીષ સોમચંદ કુંવરજી મોતા | જસાપર | ૨૭ |
| | અમદાવાદ | ખુશ્બુ કુલીન ખેતશી ધરમશી | જસાપર | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૩-૧૬ | હાલોલ | કશ્યપ પંકજકુમાર શાહ | | ૨૬ |
| | હાલોલ | નેહા અજેષકુમાર પુનમચંદ નાગડા | કોઠારા | ૨૬ |
| ૦૭-૦૩-૧૬ | ડોમ્બીવલી | લિનેશ કિર્તીકુમાર વિરચંદ લોડાયા | વારાપધર | ૩૦ |
| | બોરીવલી | ઉર્વિ હિરજી કાનજી પાસડ | દેઢિયા | ૨૯ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૨-૧૬ | આદીપુર | આશીષ હરીશ ખીમજી લાલકા | વારાપધર | ૨૫ |
| | કોચીન | સારિકા પ્રતાપ કાનજી લોડાયા | માંડવી | ૨૨ |
| ૧૨-૦૨-૧૬ | સાંગલી | રીપેશ રાજેશ ભવાનજી મોતા | વારાપધર | ૨૫ |
| | ડોમ્બીવલી | હેતલ લહેરચંદ લખમશી ખોના | વરાડીયા | ૨૩ |
| ૧૩-૦૨-૧૬ | બાગલકોટ | લલીતકુમાર દિનેશચંદ્ર હેમરાજ રાઘવજી નાગડા | સાંધણ | ૩૭ |
| | કોચીન | નિતલ વિજયકુમાર પદમશી ધરમશી | સાંયરા | ૩૨ |

### આંતરજ્ઞાતિય છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૧૦-૧૫ | અંધેરી | બીજેન કિર્તીકુમાર શાહ (લોડાયા) | અરિખાણા | ૩૩ |
| | સાંતાક્રુઝ | આરતી પ્રકાશ કદમ | પનવેલ | ૩૩ |
| ૩૦-૦૧-૧૬ | ખામગામ | લિપીન પ્રફુલ રતનશી દંડ | - | ૩૭ |
| | રાયપુર | રજની દેવનારાયણ વર્મા | - | ૩૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૨-૧૬ | ગોરેગામ (ધુલિયા) | દેવેન ચંદ્રકાંત વેલજી પોલડીયા | લુણી | ૪૯ |
| ૦૬-૦૩-૧૬ | ડોંબીવલી | સોનબાઈ ચંદુલાલ પોલડીયા | બાયઠ | ૯૮ |
| ૦૭-૦૩-૧૬ | ધમતરી (વિજયવાડા) | રોહિત વેલજી ટોકરશી લોડાયા | રાપર | ૫૫ |
| ૦૮-૦૩-૧૬ | ભાંડુપ | ચંદ્રકાંત વાલજી દંડ | લાલા | ૭૭ |
| ૧૦-૦૩-૧૬ | ઘાટકોપર | કુ. જયશ્રી ખીમજી માલસી મોમાયા | જખૌ | ૭૨ |

## પચીસમી પુણ્યતિથી એ ભાવભરી શ્રદ્ધાંજલિ



આગમન
૧૪-૬-૧૯૩૧

વિદાય
૧૬-૩-૧૯૯૧

# શ્રી વર્ધમાન વસનજી ખોના

પચીસ વર્ષ પહેલાનો એ અમાવાસ્યનો ગોઝારો શનીવાર હજીપણ વિસરાતો નથી .

આપનો એ હસતો ચહેરો હજીપણ આંખ સામે રમ્યા કરે છે.

આપનું એ જોમવંતુ ખમીર , ઝંઝાવાત સામે હિંમતથી લડવાની શક્તિ અને પરિવાર માટે સમર્પણભાવ, અમને જીવનભર પ્રેરણાદાયી અને આશીર્વાદરૂપ બની રહેલ છે.

મૃત્યુ પછી પણ સૌ કોઇના હૃદયમાં જીવંત રહેવું એ જીદંગીમાં કરેલા સતકર્મોનું પરિણામ છે.

હે પ્રભુ ! આપની મોક્ષની યાત્રા સુખમય બને એવી અંત:કરણ પુર્વકની પ્રાર્થના !!

આપની યાદોમાં ખોવાયેલ, સ્નેહભીની આંખો સાથે સંભારણાઓના દીપ પ્રગટાવી

શ્રધ્ધાસુમન અર્પણ કરનાર

## માતુશ્રી લીલબાઇ વસનજી મુલજી ખોના પરીવાર

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ
## નલીયામાં પંદરમો નિઃશુલ્ક નિદાન કેમ્પ : તા. ૨૮-૦૨-૨૦૧૬ રવિવાર










શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પંદરમાં નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન, મોતા ફલીયા, નલીયા (કચ્છ) મધે કરવામાં આવેલ હતું. આ કેમ્પને પરમ પુજ્ય ગુરૂદેવશ્રી વિજયશાંતીસૂરીશ્વરજી મ.સા. ના ભક્તજનો અને અન્ય સાથી દાતાઓનો આર્થિક સહયોગ મળેલ હતો.

માનનીય શ્રી મણીકાન્તભાઈ વસનજી ખોના, કોચીન અને શ્રી મોતીચંદભાઈ લાલજી ખોના, મુંબઈએ પરમ પુ. ગુરૂદેવ શ્રી વિજયશાંતીસૂરીશ્વરજી મ.સા.ની છબી સમક્ષ દિપ પ્રગટાવીને અને નવકાર મંત્રનો જાપ કરેલ હતો. આ નિદાન કેમ્પમાં પધારેલ પ.પુ. કાવ્યાગુણાશ્રી મ.સા. એ માંગલિક સંભાળાવ્યા બાદ આ નિદાન કેમ્પને ખુલ્લો મુકાવામાં આવેલ હતો.

આ નિદાન કેમ્પમાં કચ્છ-ભુજ, માંડવી, ભોજાય, નખત્રાણાના નામાંકિત અને નિષ્ણાત ડૉક્ટરો એ સ્ત્રી રોગ માટે, આંખ રોગ માટે, દાંતના રોગ માટે, હાડકાના રોગ માટે અને જનરલ રોગોની તપાસણી માટે નિઃસ્વાર્થભાવે સેવા આપેલ હતી.

આ નિદાન કેમ્પ દરમ્યાન આંખના રોગના ૪૩૮, સ્ત્રી રોગના ૧૦૬, જનરલ વિભાગમાં રોગના ૨૩૦, દાંતના ૧૩૫, હાડકાના રોગના ૧૬૧ અને નેચરોપથીમાં ૪૮ દર્દીઓએ લાભ લીધો હતો અને આ પ્રમાણે દર્દીઓની કુલે સંખ્યા ૧૧૧૮ જેવી થયેલ હતી.

અનુસંધાન ૩૪મા પાને





if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,